
# અધ્યાત્મ



વર્ષ : ૧૫   ફેબ્રુઆરી–૧૯૯૪   અંક : ૫

## * પ્રાણની સેવા *

પ્રાણને લીધે શરીર, મન ને સમસ્ત બ્રહ્માંડ ટકી રહ્યાં છે. પ્રાણ વિના કશું ઘડીભર પણ ન ટકી શકે. ચર ને અચર, નાના ને મોટા બધા પદાર્થો પ્રાણતત્ત્વને લીધે જ જીવન મેળવે છે. પરંતુ પ્રાણની સેવા કેટલી બધી શાંત ને મૂંગી છે! તે પ્રથમ પંક્તિનો મૂક સ્વયંસેવક છે. તેને પોતાની શક્તિનું અભિમાન નથી તેમ જ સેવાનો નશો નથી. પોતાની શક્તિનો થોડો પરચો તેણે બતાવ્યો તે તો બીજી ઇન્દ્રિયોના દેવો તેને તદ્દન ભૂલી જઇને અહંકારી થઇ ગયેલા તેમની સાન ઠેકાણે લાવવા ને તેમને વાસ્તવિકતાનું ભાન કરાવવા માટે જ. તેના ઉદાહરણમાંથી પાઠ લઇને માણસે પોતાની સાથે સંકળાયેલાંની મૂંગી છતાં સાચી સેવા કરતાં શીખવાનું છે. યશ કે નામનાની લાલસાથી મુક્ત થઇને સહજ કર્તવ્યરૂપે કરેલી સેવા ભારરૂપ નથી થતી, કેફ કે નશો નથી ચડાવતી, પરંતુ યજ્ઞરૂપ બનીને જીવનનું કલ્યાણ કરનારી થઇ પડે છે. તેને એક પ્રકારની શ્રેયસાધના જ સમજવી. કર્મને એવી સાધનાનું સ્વરૂપ આપવાની જરૂર છે. પછી બીજી કોઇ સાધના કે તપસ્યાની જરૂર નહિ પડે. ઉપનિષદની એ રહસ્યવાતને આગળ ગીતામાં સારી રીતે ને વિસ્તારથી સમજાવવામાં આવી છે.

યોગેશ્વરજી



પતિનો પ્રેમાળ સંગ છોડી, સંતની શીળી છાયા સ્વીકારી.

સ્વ. સરસ્વતીબેન જાની, પ. પૂ. યોગેશ્વરજી અને શ્રી નારાયણભાઈ જાની (એપ્રિલ, ૧૯૭૭)

# * અંતિમ અંજલિ *

(રાગ : મનવાલેન, હરિને ભજતા)

સ્વીકારી લેજો અંતિમ વંદન સાધ્વી દેવી તમે,
શાંતિ પામો અનંત તમે પ્રાર્થીએ આજ અમે.

જીવનયાત્રા તમારી પૂર્ણ પ્રકાશીત બનજો ખરે,
દેવી દેવતા ધરજો છાંય, મંગલ માર્ગે હવે.

જાણ્યે કે અજાણ્યે તમારું દિલડું દુભવ્યું હશે,
શિક્ષા ધરીને કરજો ક્ષમા માગીએ આજ અમે.

જન્મોજન્મ સ્વજન સ્વરૂપે પધારજો પાછાં તમે,
કૃતકૃત્ય થઈએ અમે પામી તમને ખરે.

સાચા મિત્ર બનીને પડખે પિતાના રહીએ અમે,
પિતૃમૂડી સંભાળવાને શક્તિ દો અમને.

ધરને આશિષ અમપર આજે જ્યાં હો ત્યાંથી તમે,
ઉપકારો તમારા અનંત સ્મીરીશું નિત્ય અમે.

નારાયણના સાચા નાથ સંભાળો બાજી તમે,
પાનખરને પલટાવવા આજ વ્હારે ચઢજો હવે.

પ્રભુને નેહે નમીને આજ સર્વેશ્વરી પ્રાર્થે ખરે,
દઈ દર્શન દેવીને અંકે લેજો હવે.

— મા સર્વેશ્વરી

નોંધ : સરસ્વતી બેનની અંતિમ વિદાય પછી ૨ કલાક પછી....

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૧૫–૦૦
વિદેશમાં રૂા. ૨૦૦–૦૦ (વિમાનથી)

- **સંસ્થાપક પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટિબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).**
- **તંત્રી–સંપાદક શ્રી નારાયણ હ. જાની.**
- **સહસંપાદકો શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઈ સી. શાહ.**
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર,** ભાવનગર–૧
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક નારાયણ હ. જાની. ફોન ૨૫૮૧૧**
- **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ, ભાવનગર–૧.


## લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

## 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| આખરે જોડી તૂટી જેણે જોડી'તી તેણે તોડી | નારાયણ હ. જાની | ૩ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૫ |
| અમૃતપળોનો આસ્વાદ–૧૦ | ગોરધનભાઇ કલોલા (કલ્યાણ) | ૧૬ |
| સ્વ. સરસ્વતીબેનને શ્રદ્ધાંજલિ | — | ૩૨ |
| સાધન–આરાધન | વસુબેન ભટ્ટ | ૩૬ |
| રાજ્યલક્ષ્મી પર પ્રજાનો અધિકાર | યોગેશ્વર | ૩૯ |
| પ્રભુકૃપા | ડો. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્) | ૪૩ |
| ચાલો આપણે ઘેર | કિસ્મત કુરેશી | ૪૪ |
| વછૂટયા રામ–હસ્તેથી | ડો. રણજિત પટેલ (અનામી) | ૪૫ |
| પત્રો–હિમાલયથી | શ્રી સુરેશભાઇ શાહ | ૪૬ |
| ઉત્તર વૃંદાવનનાં મહાયોગી શ્રીકૃષ્ણપ્રેમ | ઝિંઝુવાડિયા કનૈયાલાલ | ૫૧ |
| પરમ તીર્થ | કમલ સુથાર | ૫૬ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૦ |




# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી

વર્ષ : ૧૫ ફેબ્રુઆરી–૧૯૯૪ અંક : ૫

## આખરે જોડી તૂટી
# જેણે જોડી'તી તેણે તોડી

નારાયણ હ. જાની–તંત્રી

ત્રેપન દિવસની લાંબી મૌન સમાધિ પછી અમારાં પત્ની સરસ્વતીએ તા. ૨૫–૧–૯૪ ને મંગળવારે સવારે નવ વાગે પોતાના પાર્થિવ તનુનો પરિત્યાગ કર્યો; અને એમ સારસ પક્ષી સમી સદાય સાથે ફરનારી અમારી જોડી તૂટી. એ દેવીએ અમારા જીવનમાંથી વિદાય લીધી. બ્રેઇન હેમરેજથી બાહ્ય ભાન ગુમાવેલ તેઓ છેવટ સુધી ભાનમાં નાજ આવ્યાં. પણ જે જન્મે છે, તે એક દિવસ મરે છે, જે જોડાય છે તે એક દિવસ છૂટું પડવાનું છે. સૃષ્ટિનો આ અટલ ક્રમ છે. એક ઈશ્વર સિવાય કોઇનો પણ સાથ સનાતન રહેતો નથી, રહેવાનો પણ નથી. એ સહુ જાણે છે. છતાં જેનો સાથ લાંબો, મીઠો ને મધુર હોય, તેની વિદાય પણ એવી જ

વસમી લાગે. એ નાતે, સરસ્વતીની અમારા જીવનમાંની વિદાય પણ વસમી લાગે એ સ્વાભાવિક છે. આવા સમયે માણસને જો કોઈ હૂંફ ધરનારૂં કે સંભાળનારૂં ના હોય, તો તે ભાંગી પડે. જીવનના રસ–કસ ખોઈ બેસે. અને કદીક જીવનનો અંત પણ લાવી દે. પરંતુ સદ્ભાગ્યે પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીની સતત મમતાળુ મા જેવી સહાયે અમને ટકાવ્યા, ટટ્ટાર કર્યા અને જીવન પ્રવાહમાં પ્રસ્થાપિત કર્યા. એટલું જ નહિ એ દિવંગત જીવને સદ્ગતિ ધરવા પ્રચંડ પુરુષાર્થ પણ કર્યો.

કહો, અમે એ માનો ઉપકાર કયા શબ્દોમાં માની શકીએ? અમારા માટે એ મા પ્રત્યક્ષ પ્રભુરૂપ બની ગયાં કહેવાય કે નહિ? એ મા શ્રી સર્વેશ્વરીને વંદન હો; સ્વ. સરસ્વતીના આત્માને શાંતિ હો.

## આભારી છીએ

અમારી પત્ની સરસ્વતીની માંદગીના સમાચાર જાણ્યા તે સહુએ એમના આરોગ્ય માટે પ્રાર્થનાઓ કરી અમને ઘણું આશ્વાસન ધર્યું તે સહુના અમે ઋણી બની ગયા, અમે ખરે જ તેમના આભારી છીએ.

ઘણા બધા ભાઈબહેનોએ તેમના સ્વર્ગવાસ નિમિત્તે અમને આશ્વાસનના પત્રો લખ્યા છે, સંદેશાઓ પાઠવ્યા છે, તેઓ સહુને અમે વ્યક્તિગત જવાબો લખી શકીએ તેમ નથી. તે સહુના અમે ખરે જ આભારી છીએ. —તંત્રી.



# શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**તા. ૭–૩–૮૧, શનિવાર, ફાગણ સુદ પડવો, ૨૦૩૭, સ્થળ : મોરબી.**

નિત્યકર્મ પ્રમાણે કાર્ય થયા કરે છે. સવારે સ્નાન, વ્યાયામ, દૂધ પીવું, લેખન, માળા, ભોજન, પત્રલેખન બાદ બપોરે બે વાગ્યે શેરડી ખાવી, થોડી મિનિટો પેપર ઉપર નજર નાંખવી અને આરામ. ઘડિયાળના ટકોરે આ ક્રમ ચાલ્યા કરે છે. નાવિન્ય કશું જ નથી, છતાં ક્ષણે ક્ષણે નાવિન્યભરી આ સંતની મંગલમૂર્તિ લાગે છે.

સાંજે આરામ બાદ માતાજી ઉપરનાં બે કાવ્યો પૂ. શ્રી સારા અક્ષરે ઉતારે છે. વળી વચ્ચે પૂ. શ્રી સૂચના આપે છે કે પોણા છ થયા છે. સુરેન્દ્રનગર તપાસ કરવા ગયા છે તે બંને ભાઈઓને પોતાની વાતો જણાવવા અંદર બોલાવો.

જેથી શ્રીહરિ ને શ્રીકલ્યાણ અંદર આવે છે. સુરેન્દ્રનગરની ઉતારાની ને પૂ. શ્રીનાં પ્રવચનોની ગોઠવણીની વાતો કરે છે. બરાબર પોણા સાતે પૂ. શ્રી બહાર આવે છે. ભજનો ધૂન ચાલે છે. જે પૂ. શ્રીના પધારવાથી બંધ થાય છે.

મંગલ મૂરતિ મારુતિ નંદન,
જય જય જય હનુમાન ગોસાંઈ.

સ્તુતિ શ્રીમંગલ ત્રિવેદી ગાય છે. પછી પ્રશ્નોત્તરી શરૂ થાય છે.

**પ્રશ્ન** : ગીતામાં ત્રણ આહારનું વર્ણન આવે છે. તો તેમાં ઉત્તમ આહાર કેવો હોઇ શકે?

**પૂ. શ્રી** : મેં કોઇને પૂછ્યું, ઉત્તમ આહાર તો તે કહે દરરોજ ચકાચક તે ઉત્તમ. અરે ભાઇ! ઉત્તમ આહાર કોને કહી શકાય તે તો પોતપોતાની રીતે જુદો જુદો હોઇ શકે.

અમારે ત્યાં મસુરીમાં એક મહાત્મા હતા. તે એમ જ માનતા કે દાળભાત શાક તે કાંઇ માનવનો ખોરાક છે? આપણો ખોરાક તો રબડી, મિઠાઇ જ હોઇ શકે ને એ રીતે તે મહાત્મા એવું જ ખાતા.

પણ ઉત્તમ આહાર એને કહીએ જે આહાર પાછળ મહેનત, પવિત્રતા, કોઇનું પણ શોષણ ન હોય. એવો આહાર લેવાથી મન પ્રસન્ન બને. ધર્મનીતિથી ચાલનારા, સત્સંગી ને ધર્મપ્રેમી હોય. તેનું ભોજન ઉત્તમ ગણાય. સ્વચ્છતાથી થયેલું સાત્ત્વિક ભોજન સાત્ત્વિક વિચારો લાવે, મન અંતરને પ્રસન્ન ને શાંત કરે. જ્યારે અધર્મી, વિષય વાસનાવાળા અયોગ્ય રીતે મેળવાયેલા ધનથી થયેલું અનાજ અશાંતિ આપે છે. હરિદ્વારમાં એક સંત ને તેના અનેક શિષ્યો. શિષ્યો દરરોજ કોઇ ભોજન સમારંભ બહાર હોય તો તેની તપાસ કરે. મારવાડી શેઠે સૌને ભોજનનું આમંત્રણ આપ્યું. સૌ શિષ્યોએ એ ભોજન લીધું. દરરોજ ૧૦૦૦ જપ ગાયત્રીના કરનાર શિષ્યે પણ તે ભોજન લીધું. પણ એક દિવસના ભોજનથી દરરોજ જે શાંતિ મળતી હતી તેને બદલે અશાંતિ રહેવા લાગી. શિષ્યે ગુરુને વાત કરી. ગુરુ સમજદાર હતા. શિષ્યને ખરાબ સ્વપ્નમાં લાલ ટપકાંવાળી સ્રી દેખાયા કરે જેથી શિષ્યનું મન અશાંત રહ્યાં કરે.



તપાસ કરાવી તો ખબર પડી કે મારવાડી શેઠે પોતાની જુવાન દીકરી જેને એક વૃદ્ધપુરુષ સાથે પરણાવેલી ને તેના વિદાયના જે પૈસા મળેલા તેમાંથી આ ભોજન બનાવેલું. તો હજાર જપ કરનાર પવિત્ર શરીરમાં આ અપવિત્ર અનાજ ગયું એટલે અશાંતિ, અસ્વસ્થતા આવી.

જૈસા ખાવે અન્ન, વૈસા હોવે મન.
અન્ન એવા ઓડકાર.

એટલે આપણે ત્યાં અન્ન સાધના છે. અન્ન એ યજ્ઞ છે. ભોજન લેવા બેસીએ ત્યારે તે મહાપ્રસાદ છે એમ માની લઇએ.

આજે પ્રશ્નો સર્વસામાન્ય હતા. પ્રશ્નોત્તરી બાદ પૂજારી ભાઇ પાસેથી શ્રીકૃષ્ણ જન્મ વધાઇ અષ્ટક સાંભળ્યું. ત્યારબાદ સર્વેશ્વરી એક ભજન ગાય છે. ભજન બાદ આરતી–પ્રસાદ.

પૂ. શ્રી સમયસર અંદર પોતાના રૂમમાં આવી જાય છે. ઠંડા પાણીથી સ્નાન કરી લે છે. સૌને વિદાય કરે છે. પછી જ દૂધ ને બટાકાવડાં, સંતરુ વગેરે લે છે. ત્યારબાદ સવાદસ વાગ્યા સુધી ધ્યાનમાં બેસે છે. ને સર્વેશ્વરીને પણ બેસાડે છે ત્યારબાદ આરામ.

**તા. ૮–૩–૮૧, રવિવાર, ફાગણ સુદ બીજ,**
**૨૦૩૭, સ્થળ : મોરબી.**

સવારે બધો જ ક્રમ નિયમિત ચાલ્યો. સાડા અગિયારે પૂ. શ્રી પોતાની લાક્ષણિક રીતે હે દીનાબંધા, નટા, નાગા, હે શંકરદાદા એમ બોલતા બોલતા પોતાના રૂમમાંથી બહાર નીકળે છે બારણાં ખોલે છે.

આજે રામકૃષ્ણદેવનો તિથિ પ્રમાણે જન્મદિન છે, જેથી બેનો ફૂલહાર લાવે છે. પૂ. શ્રીને પહેરાવે છે. એક બેન પોતાના ઘરે મા

સર્વેશ્વરી પધારે ને રામકૃષ્ણદેવનું પૂજન કરે એવું ઇચ્છે છે. સર્વેશ્વરી ના કહે છે. પૂ. શ્રીને પણ એ વાત ગમે છે.

ભોજન લીધા બાદ પૂ. શ્રી બહાર કોચ ઉપર બેઠા છે. આજે શ્રીહરિ ને શ્રીકલ્યાણના સ્નેહીઓ પૂ. શ્રીને મળવા આવે છે. પૂર્વઉત્તરની યાત્રાની વાત નીકળી છે. શ્રી મોહનલાલને લીધે ગેસ્ટ હાઉસની સગવડ મળી ને મોહનલાલ ભવિષ્યમાં નજીકની યાત્રા થશે તો ફરી પણ આવી શકશે એમ પૂ. શ્રી કહે છે.

કેશોદ પાસે મેસવાન ગામ છે. ત્યાંના ભાઇઓએ શ્રી યોગેશ્વર ક્લોથ સ્ટોર નામે દુકાન શરૂ કરી છે. તેની વાત પણ થઇ. સૌ વિદાય થાય છે.

પૂ. શ્રી પેપર જુએ છે. ત્યારબાદ થોડો આરામ કરી શેરડીના ટૂકડા લે છે. ફરી આરામ કરે છે. થોડું લેખન કરે છે. પ્રાર્થનાનો ક્રમ શાંતિથી પલંગ પર બેસીને પૂરો કરે છે. ત્યાં શ્રીહરિ કેસરપીસ્તાંનો આઇસ્ક્રીમ લાવે છે જે પૂ. શ્રી લે છે.

આઇસ્ક્રીમ લીધા પછી પૂ. શ્રી બહાર આવે છે. પૂ. શ્રી પોતાની સાથે સર્વેશ્વરીને પણ બહાર આવવાનું સૂચન કરે છે, કારણ કે ભાવિક ભક્તોને વારેવારે ઉભા ન થવું પડે. (નાની બાબત છે છતાં કેટલી બધી જાગૃતિ!)

પૂ. શ્રી તથા સર્વેશ્વરી (આ નોંધ કરનાર) આવીને બહાર બેઠાં છે, શ્રી મંગલ ત્રિવેદી ભજન ગાય છે. ત્યારબાદ 'અધર્મ જ્યારે પ્રસરે'ની સ્તુતિ (શ્રી રા. દેવ) ગાય છે. ત્યારબાદ પ્રશ્નોત્તરી શરૂ થાય છે.

**પ્રશ્ન** : સાક્ષાત્કાર થયા પછી આત્મા પરમાત્મામાં ભળી જાય?



**પૂ. શ્રી** : સાક્ષાત્કાર થયા પછી અલગ રહેવું કે ભળી જવું તે માટે સ્વતંત્રતા છે.

તસ્યા પ્રાણાઃ ન ઉત્ક્રમન્તે। અને બીજું વચન જુઓ સંભવામિ યુગે યુગે।

**પ્રશ્ન** : ખેતીમાં જંતુનાશક દવા છાંટવાથી હિંસા થાય?

**પૂ. શ્રી** : જીવવા માટે અનિવાર્ય હિંસા કરવી જ પડે. એટલે જ્યાં સુધી ખેતી કરો છો, પાક સારો લેવો છે ત્યાં સુધી કરવું જ રહ્યું.

**પ્રશ્ન** : સદ્‌ગુરુની કૃપાથી આત્મદર્શન થાય ખરું?

**પૂ. શ્રી** : હા, જરૂર થાય, કૃપાથી શું ન થાય? અરે! શંકરાચાર્ય તો કહે છે પારસ તો લોઢાને સોનું જ કરે, પણ પારસ કરતાં પણ સદ્‌ગુરુનો મહિમા વધી જાય છે. સદ્‌ગુરુ શિષ્યને તેની સમક્ષ બનાવે છે. સદ્‌ગુરુરૂપી પારસ લોઢાને (શિષ્યરૂપી લોઢાને) સોનું બનાવે છે.

અને હું તો એથીય આગળ કહું છું કે ગુરુથી પણ શિષ્ય આગળ વધે. ગુરુની કૃપાથી ગુરુ કરતાં પણ વધારે મહિમાવાળા બની શકાય, પણ ગુરુ કાંઇ જલ્દી કૃપા કરે?

ગુરુ કાંઇ એમ કહેશે કે એય મગન, અહીં આવ, મારે તારી પર કૃપા કરવી છે.

ભગવાને પણ ગીતામાં કહ્યું છે : આ સદ્‌ગુરુ ત્યારે જ કૃપા કરે છે જ્યારે તેમની આગળ નમ્રતાથી જઇ નમસ્કાર કરી શંકા સમાધાન કરવું. વિતંડાવાદમાં ન ઉતરાય. શાંતિથી ગુરુવચનો સાંભળવાં. તન, મન, ધનથી ગુરુની સેવા કરવી ત્યારે ગુરુ કંઇક કૃપા કરે.

ધરતી તપે, ત્યારે માણસો આકાશભણી તાકે, ચાતક પક્ષી રાહ જુએ, ત્યારે હજારો વાદળોમાંથી એકાદ પાણીવાળું વાદળ વર્ષા કરે.

એટલે સંસ્કારી, કંઇક લાયકાતવાળા આત્મા ઉપર જ કૃપા થઇ શકે.

(શ્રી મથુરબાબુના જીવનનો પ્રસંગ કહે છે) ગુરુકૃપા થાય પણ થોડી લાયકાત તો જોઇએ જ ને!

સમય થઇ ગયો. સર્વેશ્વરી બે ભજનો ગવડાવે છે. આરતી–પ્રસાદ બાદ સૌ છૂટાં પડે છે. પૂ. શ્રી પોતાના રૂમમાં આવ્યા બાદ સ્નાન કરી લે છે. સૌ વિદાય થાય છે. પૂ. શ્રીને સર્વેશ્વરી દૂધ ને સંતરાં લે છે. પછી દશ વાગ્યા સુધી ધ્યાનમાં બેસે છે.

પછી આરામ.

**તા. ૯–૩–૮૧, સોમવાર, ફાગણ સુદ ત્રીજ, ૨૦૩૭, સ્થળ : મોરબી.**

સવારે નિત્યકર્મ પ્રમાણે સ્નાન, વ્યાયામ, દૂધ પી લેખન કરવું ચાલુ થઇ જાય છે, પોણા અગિયાર સુધી લેખન કર્યા બાદ પૂ. શ્રી થોડો આરામ કરે છે. પણ હાથમાં માળા છે જેથી જપ ચાલે છે.

સાડા અગિયારે ભોજન કર્યા બાદ બે–ત્રણ પત્રો લખાવે છે. આજે સાંજની પ્રશ્નોત્તરીમાં ખાસ પ્રશ્નો ન હતા, જેથી નોંધ ન થઇ. સાંજે ફળદૂધ લઇ પૂ. શ્રી ધ્યાનમાં બેસે છે. સર્વેશ્વરી પણ ધ્યાનમાં બેસે છે.

ધ્યાન બાદ આરામ.



**તા. ૧૦–૩–૮૧, મંગળવાર, ફાગણ સુદ પાંચમ, ૨૦૩૭, સ્થળ : મોરબી.**

ગઇ રાત્રે ગાયના દૂધને બદલે વેચાતું દૂધ લાવવામાં આવ્યું, જેથી પૂ. શ્રીએ તે દૂધ લીધું તો ખરું, પણ રાત્રે ત્રણવાર સંડાસની તકલીફ થઇ. થોડો પણ ફેરફાર પૂ. શ્રીના શરીર પર તરત જ અસર કરે છે. સવારે મેક્સાફોર્મ, ઇસબગુલ વિગેરે લીધું.

આજે સવારે સ્નાન બાદ થોડો વ્યાયામ કરી શરીરને ફરજીયાત આરામ આપવો પડયો. આજકાલ ક્રિકેટ ટેસ્ટમેચ ચાલી રહી છે, જેથી પૂ. શ્રી રેડિયાથી તેની પણ માહિતી મેળવ્યા કરે છે.

આરામની સાથે પોતાની માળા હાથમાં રાખે છે. રાત્રે ૨ થી ૩ા સુધી માળા કરી હતી. સર્વેશ્વરી પણ જપ કરવા બેસે છે. એ રીતે સવારે પણ પૂ. શ્રીએ બાકીની માળા પૂરી કરી, ત્યારે સર્વેશ્વરી પણ પોતાના જપ પૂરા કરે છે. ખૂબ ખૂબ નિયમિત જીવન જીવવાની તાલિમ પ્રત્યક્ષ રીતે પૂ. શ્રી પાસેથી મળ્યા કરે છે.

બપોરે ભોજનબાદ બે પત્રો લખાવ્યા. સુરેન્દ્રનગર જ્યાં પ્રથમવાર શ્રી બાબુભાઇ પ્રવચનો ગોઠવી રહ્યા છે, ત્યાં શ્રીહરિ જઇ આવ્યા. આયોજકનું માનવું છે કે મહાત્મા અમારા સમયને અનુકૂળ થાય, જેથી રાત્રે મોડાં પ્રવચનો થાય. પૂ. શ્રીએ એ વાત જાણી એટલે કહ્યું કે, ભાગવત સપ્તાહ ને નવાહન પારાયણમાં શ્રોતાઓ અનુકૂળ થાય છે કે નહીં? વળી આવનાર સંતને અનુકૂળ થવું જોઇએ ને. મારો તો સ્વભાવ જુદો છે. એમને ખબર નથી.

અને એમ કહી પત્રથી સૂચના આપી કે મને સાંજે ૭ થી ૮ નો જ સમય ફાવશે. મારા સ્વાસ્થ્ય માટે મોડી રાત્રે પ્રવચન

અનુકૂળ નથી. વળી શ્રોતાઓને અનુકૂળ હોય તો પ્રવચનો થશે. નહીં તો મને પ્રવચનનો મોહ નથી.

નવા આયોજકો છે એથી એમને એમ હશે કે બધા મહાત્માની જેમ આ મહાત્મા પણ ફંડફાળા લેતા હશે, એટલે અમને અનુકૂળ થશે જ ને! પણ પૂ. શ્રીની વાત તો જુદી જ છે. એમને તો કોઈ સ્વાર્થ કે પૈસામાં રસ નથી. સુરેન્દ્રનગરના પ્રવચનમાં કોઈ કીર્તિની પણ અપેક્ષા નથી. અને એ પ્રવચનો કંઈ પૂ. શ્રીએ ગોઠવ્યાં નથી. સ્વમાનભેર જીવવાની અને પોતાના નિયમો પ્રમાણે જ ચાલનાર આ મહાપુરુષને કોણ બાંધી શકે! પૂ. શ્રી ઘણીવાર કહે છે કે હું કોઈ સંસારી માનવોથી બંધાયેલો નથી. કોઈ સંસ્થા કે વ્યક્તિઓને પણ વેચાયેલો નથી. એક ઈશ્વરથી બંધાયેલો છું. મને જે યોગ્ય લાગે તે જ કરવા હું સ્વતંત્ર છું.

સાંજે ૫ાા થી ૭ા સર્વેશ્વરીના વાર્તાલાપની ટેપ વાગી. શ્રોતાઓએ સારી સંખ્યામાં ભાગ લીધો. પૂ. શ્રી પણ સવા છ થી બહાર આવી ગયા. ટેપ પૂરી થતાં પૂ. શ્રીએ પ્રશ્નો હોય તો કહો—એમ કહ્યું. અને પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ શરૂ થયો. શ્રીહરિએ પ્રશ્નો રજૂ કરવાની શરૂઆત કરી દીધી.

**પ્રશ્ન :** શ્રાદ્ધક્રિયા કેટલા વરસ કરવી?

**પૂ. શ્રી :** આખી જીંદગી શ્રાદ્ધ ચાલવું જોઈએ. શ્રદ્ધાથી કરાયેલું કાર્ય તે શ્રાદ્ધ. શ્રદ્ધાથી જીવનને વણી લો. જે જાય છે તેના ગુણોને યાદ કરો ને એમનામાંથી પ્રેરણા લો. એ શ્રાદ્ધ અટકવું ન જોઈએ.

**પ્રશ્ન :** ઘણીવાર સાચા દિલની પ્રાર્થના પણ પ્રભુ સાંભળતો નથી, એવું કેમ બને છે?



**પૂ. શ્રી :** અરે ભાઈ, એક ભાઈ રોજ પ્રાર્થના કરે, પ્રભુ! મારા પડોશી મારા વિરોધી છે જેથી તેની એક આંખ ફોડી નાંખોને! તો પ્રભુ, આ પ્રાર્થના સાંભળે ખરા પણ જવાબ ન આપે, કારણ વિચારે કે પડોશીની એક ફૂટે તો પ્રાર્થના કરનારની બે ફૂટશે. એટલે ભગવાન પ્રાર્થના સાંભળે પણ જવાબ આપવા જેવા હોય તેના જ જવાબ આપે.

ભગવાન આપણને જવાબ આપવા બંધાયેલા નથી. પણ ભગવાન જે કરે તે કલ્યાણકારક જ હોય છે, એવું માનો તો દુઃખ ન થાય.

જે હરિ કરશે તે મમ હિતનું,
એ વિશ્વાસ ત્યજાય નહીં.

**પ્રશ્ન :** જેને પ્રભુમાં શ્રદ્ધા ન હોય, જે ધાર્મિક ન હોય છતાં તેને સારી નોકરી પણ મળે, પ્રમોશન પણ મળે, સારી કમાણી પણ થતી હોય તો એનું કારણ શું?

**પૂ. શ્રી :** શાસ્ત્રમાં એવું કાંઈ લખ્યું છે કે જેને મારામાં શ્રદ્ધા હોય તેને નોકરી આપું, પગાર આપું—ના, શ્રદ્ધાળુ હોય તો પ્રભુ શું આપે તે ખાસ જાણવા જેવું છેઃ—

શ્રદ્ધાવાનને ભગવાન મનોબળ આપે, પવિત્રતા આપે.

બે દોહરા પ્રચલિત છે :

(૧) હરિભજનમેં તીન ગુન
સબ કોઈ લાગે પાય,
માન મિલે, મેવા મિલે,
અંતે વૈકુંઠ જાય.

વળી બીજો દોહો

(૨) ભૂખ્યો રાખું ભોંયે સુવાડું,
તનની ઉતારું ખાલ,
તે છતાં ના મૂકે તો,
અંતે કરી દઉં ન્યાલ.

એટલે કસોટી થાય પછી બધી રીતે સુખી થાય. પણ કર્મના ફળ પ્રમાણે સંતતિ, સંપત્તિ મળતી હોય છે.

**પ્રશ્ન :** સ્વધર્મે નિધનં શ્રેય, પરધર્મો ભયાવહઃ–એવું અર્જુનને ભગવાને કહ્યું તો બીજો કયો ધર્મ?

**પૂ. શ્રી :** સ્વધર્મ એટલે પોતાનો ધર્મ. પોતાનો ધર્મ એટલે કયો? સૂર્યનો કયો ધર્મ? સૂર્યનો સ્વધર્મ પ્રકાશ આપવાનો, ફૂલનો સ્વધર્મ ફોરમ આપવાનો, ગૃહસ્થનો ધર્મ ઘર સંભાળી સંસારની ફરજ અદા કરવાનો. સંન્યાસીનો ધર્મ જપ તપ કરવાનો.

એ રીતે અર્જુન ક્ષત્રિય છે, તો ક્ષત્રિયનો સ્વધર્મ યુદ્ધ કરવાનો. ક્ષત્રિય તરીકે યુદ્ધ કરવાનો એટલે કે પોતાના ધર્મનું પાલન કરતાં કરતાં મૃત્યુ પણ મંગલ બને છે. પણ પોતાનો યુદ્ધ કરવાનો સ્વધર્મ છોડીને યુદ્ધ ન કરવાના વિચારો અર્જુન કરે છે, સંન્યાસી થવાના વિચારો કરે છે. તો ક્ષત્રિય માટે સંન્યાસ લેવો એ તો પરધર્મ છે. તો એ પરધર્મનું પાલન ભયજનક છે.

જેમ સૈનિકનો સ્વધર્મ દેશની રક્ષા કરવાનો, ગૃહિણીનો ધર્મ ઘર સંભાળી સંતાનોને સંસ્કારો આપવાનો એ બધા પોતાના ધર્મો છોડીને બીજા ક્ષેત્રમાં પડે તે ભયજનક ગણાય. ગૃહસ્થી ઘર છોડીને નીકળી પડે તો તેને દોષ લાગે છે. સંન્યાસી સંન્યાસ છોડીને ગૃહસ્થીની જેમ જીવે તો તેને દોષ લાગે છે. એ અર્થમાં



પોતાના જ ધર્મનું, પોતાને મળેલી ફરજોનું પાલન કરવું–એમ કહેવાયું છે.

પ્રશ્નોત્તરી બાદ એક ભજન સર્વેશ્વરી ગાય છે. ત્યારબાદ સૌ છૂટા પડે છે.

પૂ. શ્રી સ્નાનબાદ પૌંવા–બટાકા અને દૂધ લે છે. પછી આરામ કરે છે. હરિઃ ૐ

( ક્રમશઃ )


બાહ્યત્યાગ તે ત્યાગ નહિ, આંતર ત્યાગજ ત્યાગ;
છોડી મનથી સર્વને, લે સુખસ્વરૂપ અગાધ.

ઓ. : ૨૫૬૬૮
ફે. : ૮૭૨૨૨
૮૭૬૨૪
ઘ. : ૪૧૪૩૧

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
–: બનાવનાર :–
**કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ**
ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૨

# અમૃતપળોનો આસ્વાદ–૧૦

ગોરધનભાઈ કલોલા (કલ્યાણ)

પૂ. મા માટે યાત્રા એ જીવનનો પર્યાય બની ગઈ છે. અલબત્ત જીવન જ યાત્રા બની ગયું છે. છેક કિશોરવયથી અત્યાર સુધીનું પૂ. માનું જીવન જોઈએ તો એ સાધનામય જીવન પ્રભુ-પંથની યાત્રા સતત કરતું રહ્યું છે. હવે તો પ્રભુપંથની યાત્રા કરતાં કરતાં એ જીવન જ તીર્થસ્વરૂપ બની ગયું છે. એ પરમ- તીર્થના સાન્નિધ્યે બીજાં અનેક નાનાંમોટાં જીવનતીર્થો પ્રકટવા લાગ્યાં છે. પૂ. મા દેશવિદેશે વિહાર કર્યા જ કરે છે, એ વિહારની વાટે મળતાં વટેમાર્ગુઓને પ્રેરણા પરબનાં પાણી પાયાં કરે છે, એટલું જ નહીં પણ તેની માવજત કરી નવપલ્લવિત પણ કરે છે. આવી કેટલીય જીવનવાટિકાઓ એ વિહારે, મ્હોરી ઉઠી છે, મ્હેંકતી થઈ છે.

ચાલો ત્યારે, એ પરમતીર્થના સાન્નિધ્યે પહોંચી જઈએ. પૂ. મા આ જીવનનો પુણ્યપ્રવાસ કરતાં કરતાં રાજકોટ શ્રી શાંતિ-ભાઈને ત્યાં પધાર્યાં છે. અહીંથી સંત અને શૂરવીરની ભૂમિ એવા સૌરાષ્ટ્રની યાત્રાએ નીકળવાનાં છે. ૭, જાન્યુઆરી '૯૧ ના સવારના છ વાગ્યા છે. પૂ. મા યાત્રાએ નીકળતાં પહેલાં પ્રાર્થના કરી રહ્યાં છે. નિયમ પ્રમાણે એકસોપચ્ચીસ દંડવત્ પ્રણામ પૂ. મા સાથે સૌ કરે છે. બરાબર ૬–૩૦ વાગ્યે યાત્રાની શરૂઆત થઈ છે. સૌ પ્રથમ પૂ. મા ગોંડલ સ્વામીનારાયણ અક્ષર મંદિરમાં દર્શને પધાર્યાં છે. દર્શન કરી થોડીવાર મંદિરના પ્રાંગણમાં મોટર પાસે ઊભાં રહીને છોકરાઓ સાથે વાર્તા–વિનોદ કરી રહ્યાં છે.



દરમ્યાન સ્વામિનારાયણ ગુરુકુળના બાળકો ધૂન બોલતાં બોલતાં લાઈનમાં શિસ્તબદ્ધ રીતે પસાર થાય છે. પૂ. મા આ દૃશ્ય જોઈને ખૂબ જ ખુશ થાય છે. પૂ. મા કહે "આ ઉંમરથી શિક્ષણ સાથે ધાર્મિક સંસ્કારો આપવામાં આવે તો તે પછી જીવનમાં દૃઢ થઈ જાય છે. વિદેશોમાં આવાં દૃશ્યો જોવા મળે નહીં." સત્સંગની સહજ વાતો કરતાં કહે "પરમસ્વરૂપને ઓળખવું બહુ મુશ્કેલ! સાથે ફરીએ તો પણ ઓળખાય નહીં. એક વખત ઓળખાય જાય તો પછી કંઈ તકલીફ ન રહે! પણ ચશ્માના કાચ એટલા જાડા હોય છે કે ઓળખવું મુશ્કેલ પડે છે. અનેક ઓપરેશનો કરીએ તો પણ જે જોવાનું છે તે દેખાતું નથી."

પૂ. મા સહયાત્રીઓને જગાડયાં કરે છે, ટકોર કર્યા કરે છે કે એક વાર પ્રકટ સ્વરૂપને ઓળખી લો, તો પછી સાધનામય જીવનની ઘણી ગૂંચો સહેલાઈથી ઉકલી જશે. પરંતુ સંસારની આળપંપાળમાં આપણે એટલા તો અટવાયેલા રહીએ છીએ કે, સંસારી પડદા પાછળ પણ એક દિવ્યજીવન પથરાયેલું પડયું છે તે જોઈ શકતા નથી! આપણા સૌનું પણ આવું જ છે. પૂ. માના જીવનને આટલા નજીકથી જોઈએ છીએ, પણ આપણી આંખો ઉઘડતી નથી કે એક વિભૂતિ સ્વરૂપ આપણી સાથે જ ફરી રહ્યું છે. ઘણી વખત ભગવાન કૃષ્ણની જેમ મુખારવિંદ ખોલી તે પોતાનું સ્વરૂપ યશોદામાતાને બતાવે છે, પણ ઘડી પછી પાછા એ જ મોહના મોતીયા આડે આવી જાય છે. વિરુપાક્ષી ગુફાની આરતી, જગન્નાથજીમાં સમુદ્રનું સ્વાગત, સપ્તશ્રૃંગીમાં એ દૈવી શક્તિદ્વારા પૂ. માની પરમશક્તિ તરીકેની ઓળખ વગેરે. આવા તો અનેક દિવ્ય પ્રસંગો સહયાત્રીઓએ નજરે નિહાળેલ છે. છતાં જે ગોપીભાવ જાગવો જોઈએ તે જાગતો નથી. પ્રસંગોપાત્ત પૂ. માને

સ્વયં ટકોર કરવી પડે છે તો હવે જાગી જઈએ અને પામી લઈએ એ પરમતત્ત્વને માતૃસ્વરૂપે!

સ્વામિનારાયણ મંદિરેથી પૂ. મા ભૂવનેશ્વરી માતાના મંદિરે પધાર્યાં છે. અહીં શ્રી નવીનભાઈ દવે પૂ. માના શ્રી ચરણોમાં ગુલાબનાં ફૂલોની માળા અર્પણ કરી પ્રણામ કરે છે એટલે પૂ. મા કહે, " ભગવાનને થશે કે આ વળી કોને માળા અર્પણ કરે છે?" અલબત્ત પૂ. માના ભગવતી સ્વરૂપની શ્રી દવેભાઈએ જે રીતે પૂજા કરી તે પૂ. માએ સહર્ષ સ્વીકારી લીધી! મોરબીના શ્રી સુખલાલભાઈ પૂ. માને પ્રણામ કરવા આવ્યા છે. યુવાન પુત્રના અચાનક અવસાનથી આવી પડેલું દુઃખ શ્રી સુખલાલભાઈના મુખપર હજી જોતાં કહે, "ચિંતા શામાટે કરો છો?" હવે છોડો એ બધું. ગયેલાનો શોક કર્યા કરવાથી શું વળશે? હિંમત રાખો. સંસારની ચિંતાઓનો અંત જ નથી. હરિભજન એક જ સહારો છે. રસ્તો કાઢો અને તમે હરિનો મારગ પકડો."

પૂ. માની મોટરની આસપાસ ભૂંડના બચ્ચાં દોડાદોડી કરી રહ્યાં છે, તે જોતાં શાંતિભાઈ કહે "મને આ દોડતાં બચ્ચાં બહુ ગમે" એટલે પૂ. મા કહે "તેમાં આસક્તિ રાખવી સારી નહીં," પછી રામકૃષ્ણદેવની ભાવમુદ્રા બનાવતાં કહે "શિવમ્ ને ઠાકુરની મુદ્રા શીખવવી પ્રભુના સ્વરૂપોમાં જ આસક્તિ રાખવી. દેવો પણ વિષયસુખોમાં ભૂંડની જેમ આસક્તિ કરીને બેસી જાય છે. બીજે ક્યાંય આસક્તિ રાખવી સારી નહીં."

આ રીતે યાત્રા કરતાં કરતાં પૂ. મા સહયાત્રીઓને જીવનના પાઠ ભણાવતાં રહે છે. અધ્યાત્મ સંસ્કારોનું ઘડતર હોય છે કે તેની અસર મનપર પડયા વગર રહેતી નથી.



યાત્રા આગળ ચાલતાં પૂ. મા જેતપુર પાસે ભીડભંજન મહાદેવના મંદિરે પધાર્યાં છે. આ પહેલાં પણ એક વખત અહીં પધારેલાં ત્યારથી પૂ. માને અહીંનું બગીચાઓથી સુશોભિત કુદરતી વાતાવરણ ખૂબ ગમ્યું છે. અત્યારે પણ ભીડભંજન મહાદેવનાં દર્શન કરી બગીચામાં એક લતામંડપમાં બાંકડાપર ઉત્તરાદિ મુખ રાખીને બેઠાં છે. આગળ ભક્તિરસ ભરપૂર યુવાન છોકરાઓની મંડળી બેઠી છે. સુંદર વાતાવરણ વચ્ચે પૂ. મા પ્રસન્નતાના ફૂલડાં વેરતાં બેઠાં છે. પૂ. મા કહે "પૂછો ત્યારે કંઇ પૂછવું હોય તો!" પ્રશ્નોત્તરી શરૂ થઇ છે.

**પ્રશ્ન :** યાત્રાનો ફાયદો શું?

**ઉત્તર :** "પહેલો ફાયદો એ કે ઘરનું મમત્વ જે ઘર કરીને અંદર બેઠું છે તે ઓછું થાય. આપણા વિના પણ ઘર અને સંસાર સારી રીતે ચાલે છે, તેનું ભાન થાય. ઘણી વખત આપણા કરતાં પણ વધુ સારી રીતે આપણી ગેરહાજરીમાં ચાલે ત્યારે આપણને સમજાય કે આપણે ઘર માટે કે સંસાર માટે અનિવાર્ય નથી. આ જાણવાથી મમત્વ ઓછું થાય! યાત્રામાં આપણે ઘણી વખત સમૂહમાં નીકળતા હોઈએ છીએ ત્યારે સાથે રહેવાથી સમૂહ જીવનની તાલીમ મળે. સ્વાવલંબનની ટેવ પડે. ગમે તેવી પરિસ્થિતિમાં અનેક અભાવો વચ્ચે પણ મનને સ્થિર રાખવાની તાલીમ મળે. સમૂહ ભજનકીર્તનનો જે આનંદ છે તે આવી યાત્રા વખતે માણી શકાય!"

**પ્રશ્ન :** મા ના આદર્શ બાળક બનવા માટે શું કરવું જોઈએ?

**ઉત્તર :** માની આજ્ઞા દરેક સંજોગોમાં પાળતા શીખવું જોઈએ. જે જે સારી બાબતો છે તેને આચરણમાં મૂકે તે આદર્શ બાળક કહેવાય.

**પ્રશ્ન** : સ્વામિનારાયણ સંપ્રદાયમાં સાધુઓએ સ્ત્રીનું મુખ ન જોવું જોઇએ તેવી આજ્ઞા છે. તો તે શું યોગ્ય છે?

**ઉત્તર** : યુવાન વયે વ્રત કે તપના એકભાગરૂપે તે સારૂ ગણાય. પરંતુ આગળ જતાં દરેક સ્ત્રીઓમાં ભગવતીનું પાવન સ્વરૂપ જોતાં શીખવું જોઇએ. મનને એ કક્ષાએ લઇ જવાની જરૂર છે જ્યાં શારીરિક આકર્ષણ લુપ્ત થઇ જાય. સાધનામાં ક્યાંય છટકબારી ન રહે તે માટે આવો કડક નિયમ અમલમાં આવ્યો હોય તેમ લાગે છે!

**પ્રશ્ન** : રામકૃષ્ણદેવના શિષ્યોમાં જે મહાનતા હતી તે આપના કે પૂ. શ્રીના બાળકોમાં કેમ દેખાતી નથી?

**ઉત્તર** : અત્યારે છેજ. અમને તો અમારા બાળકોનું ગૌરવ છે. આ બાબુભાઇને જ જુઓને! આવો વૈરાગ્ય, આવી નિષ્ઠા ભલભલા સન્યાસીઓમાં જોવા નહીં મળે. પોતાના ગુરુ માટે તેમણે પોતાનું જીવન સમર્પિત કરી દીધું છે. નખશિખ પ્રામાણિકતા અને સેવાની મૂર્તિ જાણે! નારાયણભાઇ પણ અધ્યાત્મની કેટલી સેવા કરે છે! આ ઉંમરે પણ નાના બાળકની જેમ અમારી આજ્ઞાઓ પાળે છે. શ્રી બાલુભાઇના ભાવને તો વિસરી શકાય તેમ નથી. અનેક મુશ્કેલીઓ વચ્ચે સ્વર્ગારોહણને સાચવી રહ્યા છે. અને અમારા બાપજી અને પંડિત માટે તો અમે છાતી ઠોકીને કહીએ છીએ "તેઓ જ્યાં જશે ત્યાં સંસ્કારોની સુવાસ ફેલાવશે." તેમની હાજરીમાત્રથી સંસ્કારી વાતાવરણ સહજ સર્જાઇ જાય છે. બીજા અમારા અનેક બાળકોમાં અમને સંપૂર્ણ વિશ્વાસ છે કે તેઓ જ્યાં હશે ત્યાં અમારી સંસ્કાર મૂડી વધારતા રહેશે. તમારા બધાં પર આ જવાબદારી છે.



**પ્રશ્ન** : પ્રાર્થના તુરત જ સંભળાવાને બદલે મોડી સંભળાય તો શું કામની?

**ઉત્તર** : આપણું કર્તવ્ય પ્રાર્થના કરવાનું છે, તેનું ફળ આપવાનું તેના હાથમાં છે. તમે પ્રાર્થના કરતાં કરતાં કર્તવ્યકર્મ કરતા રહો. પ્રભુ બધું જ સંભાળશે, વિશ્વાસ રાખો, ખોટી ચિંતા કરો નહીં.

**પ્રશ્ન** : નામજપ સારા કે પ્રાર્થના?

**ઉત્તર** : લાડુ સારા કે લાપશી? તમને શું ગમે છે તેનાપર બધો આધાર છે. તમારા મનને જે સહજ રૂચતું હોય તે કરો, બંને વિધિઓ ઉત્તમ જ છે. યોગ્ય લાગે તે અપનાવો.

**પ્રશ્ન** : સ્ત્રીઓ ઉપર જ આટલા અત્યાચાર કેમ? દુઃખ અને જુલમ તેને જ કેમ સહન કરવાનાં?

**ઉત્તર** : પુરુષો પર પણ અત્યાચાર થતા હોય છે પરંતુ તે બહાર નથી આવતા. ઘણી વખત તો સ્ત્રીઓ પરના અત્યાચારનું કારણ સ્ત્રીઓ જ હોય છે. તેમણે તેમની મર્યાદાઓનું પાલન કરવું જોઇએ. કોઇનું ધ્યાન ખેંચાય તેવું આપણું વર્તન ન હોવું જોઇએ. તેમ છતાં અત્યાચાર જેવું લાગે તો પ્રભુને મન મૂકીને પ્રાર્થના કરવી જોઇએ. ખરા દિલની પ્રાર્થના ગમે તેવી મુશ્કેલીઓમાંથી ઉગારે છે. સતત જાગૃત રહેવું. મર્યાદાપૂર્ણ વર્તન ઘણી મુશ્કેલીઓમાંથી ઉગારી લે છે.

પૂ. મા લતામંડપમાં સરસ શોભી રહ્યાં છે. હસતાં હસાવતાં પ્રશ્નોના ઉત્તર આપી રહ્યાં છે. બાજુમાં રહેલી લતામંડપની એક વેલને ડાબા હાથેથી પકડી તેને રમાડતાં કહે "ભગવાનનો માર્ગ

નેશનલ હાઈવે છે, તે સીધો જ પહોંચાડે છે. વચ્ચે વચ્ચે સમારકામ થતું હોય પણ હાઈવે છોડવો નહીં."

પૂ. મા એમ કહેવા માગે છે કે પ્રભુપંથ કઠિન જરૂર છે. પણ મુક્તિ માટેનો એ એક જ માર્ગ છે. ગમે તેવી સાધનાની મુશ્કેલીઓ વચ્ચે પણ ચલિત થવું નહીં. દૃઢતાથી વળગી રહેવું. એક દિવસ પ્રભુના મંગલ મંદિરની મંઝીલે જરૂર પહોંચી શકાશે.

આ યાત્રામાં શાંતિભાઈનો પૌત્ર શિવમ્ પણ સાથે છે. પૂ. મા તેની સાથે વારંવાર બાળસહજ રમત કર્યા કરે છે. પૂ. મા શિવમ્ સામું જોઈને કહે "ડેડી મોટર કેમ ચલાવે, (પછી હાથનો અભિનય કરતાં કહે) આમ કરીને આમ"—શિવમ્—પૂ. માનો આ અભિનય જોતાં ખડખડાટ હસી પડે છે. નજીકના એક ઝાડપર શિવમ્‌ને બેસાડીને રમાડી રહ્યાં છે. આમ શિશુ સહજ રમતો પૂ. મા યાત્રા દરમ્યાન કરતાં રહે છે.

અહીંથી વિદાય લેતાં ફરી એકવાર ભીડભંજન મહાદેવનાં દર્શન કરે છે. અહીં વિવિધ ફૂલોના શણગાર પૂ. માને ખૂબ જ ગમ્યા છે. વારંવાર તે ફૂલોની કલાત્મક ગોઠવણીની પ્રશંસા કરતાં રહે છે. અહીંથી વિદાય લેતાં પૂ. મા સૌ બાળકોને સ્વહસ્તે ચોકલેટનો પ્રસાદ આપે છે. શ્રી બાબુભાઈ, નારાયણભાઈ તથા શાંતિભાઈને ચોકલેટ આપતાં વ્હાલ કરતાં કહે "લો બટુકીયા, તમે પણ..." જે બાળક બની શકે છે તે જ પૂ. માની વ્હાલની વર્ષામાં સહજ સ્નાન કર્યા કરે છે.

હવે પૂ. મા સાથે સૌ જૂનાગઢ શ્રી ગોવિંદભાઈને ઘેર પધાર્યા છે. ગોવિંદભાઈના કુટુંબે પૂ. માનું અહીં ભાવભીનું સ્વાગત કર્યું છે. શ્રી ગોવિંદભાઈનું ઘર પૂ. મા અને પૂ. શ્રીમાં અનન્ય શ્રદ્ધા



ધરાવે છે. પૂ. શ્રીના લીલાસંવરણ દિન ૧૮ માર્ચ '૮૪ થી દરેક મહિનાની અઢારમી તારીખે આ આખું કુટુંબ ઉપવાસ કરે છે. પૂ. શ્રીનું પાવન સ્મરણ મનન કરી પોતાની શ્રદ્ધા વ્યક્ત કરે છે. તેઓની આવી એકનિષ્ઠ શ્રદ્ધાભક્તિ જોઈને જ પૂ. મા અહીં પધાર્યાં હોય એવું લાગે છે. શ્રી ગોવિંદભાઈ ભક્તોમાં ઓછા જાણીતા છે, છતાં હૃદયના છાના ખૂણે થતી ભક્તિ પણ ભગવાન જુએ છે, તેનું ગોવિંદભાઈ અદ્ભુત ઉદાહરણ છે. શ્રી ગોવિંદભાઈની આ અનન્ય શ્રદ્ધા થકી જ પૂ. માએ તેમનું ઘર પાવન કર્યું છે. તેમની હૃદયના છાને ખૂણે થતી ભક્તિ પર આ રીતે મંજૂરીની મ્હોર મારી છે. પ્રભુને માટે જેઓ તપે છે, પ્રેમથી સ્મરણ કરે છે, તેનું પ્રભુ અવશ્ય ધ્યાન રાખે છે. પૂ. માની તેમના ઘરે પધરામણી એ તેમના ખરા દિલની ભક્તિનો સ્વીકાર છે. શ્રી ગોવિંદભાઈએ સૌ ભક્તોને અગિયારસ હોવા છતાં ભરપેટ ફરાળ કરાવી ભોજનથી પણ અદકું સુખ આપ્યું છે. પ્રેમ અને ભક્તિનો એક નાનકડો ઉત્સવ એ ગૃહમંદિરે સાચા અર્થમાં ઉજવાઈ ગયો !

જૂનાગઢમાં પૂ. માના જાહેર સત્સંગનો કાર્યક્રમ અશોકનગરના કોમ્યુનીટી હોલમાં રાખ્યો છે. શ્રી શાંતિભાઈના વેવાઈપક્ષ તરફથી આ કાર્યક્રમ ગોઠવાયો છે. સૌના પ્રેમભર્યા સ્વાગતનો સ્વીકાર કરતાં પૂ. મા કહે "આપણા જીવનનું સારથિપદ આપણે પ્રભુને સોંપી દેવું જોઈએ. જેમ ડોક્ટરને આપણે આપણી શારીરિક વ્યાધિની વાત ખુલ્લા દિલથી કરી દઈએ તો તે સાચી દવા આપે છે. તેમ સંતો તેમ જ સદ્‌ગુરુ આગળ પણ આપણે ખુલ્લા થઈ જવું જોઈએ. તો સદ્‌ગુરુ આપણને સાચો ઉપાય કરી બચાવી લેશે." ભક્તપ્રવર જલારામબાપાની વાત કરતાં પૂ. મા કહે

"તેમણે પ્રભુને ચરણે જીવન સોંપ્યું, તેમની આકરી કસોટી થઇ, પરંતુ પ્રભુએ અપનાવી લીધા. ભક્તની લાજ ભગવાન રાખે છે, જેમણે પોતાની મજુરીના પૈસાથી સાધુસંતોની સેવા કરી તેમની વહારે ભગવાન ચડયા અને આજે કરોડો રૂપિયાના દાન એ સંસ્થા આપે છે. ભૂખ્યાઓની વણથંભી વણઝાર ત્યાં અન્ન પામીને તૃપ્ત થાય છે. આ એ પ્રતાપી પુરુષની ભક્તિનો પ્રતાપ છે. પૂ. યોગેશ્વરજીએ પણ પોતાનું જીવન પ્રભુને સોંપ્યું તો તેમને માટે પ્રભુએ જંગલમાં ગામ પણ વસાવ્યું, અને તેમની સર્વ પ્રકારે રક્ષા કરી. બીજાને જીવનની મુંઝવણો કહીએ તે કરતાં પ્રભુને આપણી મુંઝવણો જણાવવી જોઇએ. એ ભલે પ્રત્યક્ષ દેખાતા ન હોય, પરંતુ શ્રદ્ધા રાખીએ તો સાક્ષી બનીને સતત આપણી સંભાળ રાખે છે, અદૃશ્ય રહીને પણ આપણને દોરે છે."

જૂનાગઢથી સૌની ભાવભીની વિદાય લઇ પૂ. મા સોમનાથ દર્શનાર્થે પધાર્યાં છે. ત્યાં દર્શન કરી રાત્રે સાડાદશ વાગ્યે પૂ. મા મેસવાણ ગામે પધાર્યાં છે. મેસવાણ ગામના લોકોનો પ્રેમભાવ જોઇ પૂ. મા આજે બીજી વખત મેસવાણ પધાર્યાં છે. ખાસ તો પ્રેમજીભાઇ અને તેમના કુટુંબના પ્રેમભાવને વશ થઇ પૂ. મા અહીં આવ્યા વગર રહી શકતાં નથી, "વ્હાલો પ્રેમને વશ થયા રાજી" એ ઉક્તિ અહીં ફરી એક વાર સત્ય ઠરી છે. અહીંના ગ્રામ્ય લોકોનો સાચા દિલનો ભક્તિભાવનો ઉમળકો જોઇ પૂ. મા પ્રસન્ન થયાં છે. અને અહીં રાત્રિ રોકાણ કરી સૌને અદ્‌ભુત સત્સંગસુખ આપ્યું છે.

મેસવાણના ગ્રામજનોનો ભક્તિભાવ ખરેખર દાદ માગી લે તેવો છે. પૂ. મા બે વખત મેસવાણ પધાર્યાં છે, પરંતુ બંને વખત



મેસવાણના ભક્તજનોની કસોટી થઇ છે. પહેલી વખત પધારવાનો સમય બાર વાગ્યાનો હતો, પરંતુ પૂ. મા ત્યારે લગભગ ત્રણ વાગ્યે પધાર્યાં હતાં. તેમ છતાં ગ્રામજનોનો ઉત્સાહ ઓસર્યો ન હતો. છેક અગિયાર વાગ્યાથી સૌ પૂ. માના સ્વાગત માટે આવી ગયા હતા. છેક ત્રણ વાગ્યા સુધી ધીરજ ખોયા વિના પૂ. માના દર્શન માટે ખડે પગે ઊભા હતા. ત્રણ વાગ્યે પૂ. મા મેસવાણ ગામના પાદરમાં પધાર્યાં ત્યારે સૌ વાજતે ગાજતે સામૈયું કરવા માટે એકઠા થયા હતા. સૃષ્ટિના લોકો સૃષ્ટિના સર્જનહારના પ્રતિનિધિ જેવા સંતોનું ભાવથી સ્વાગત કરે તે બનાવ માનવ ઇતિહાસમાં ગૌરવ સમો લેખાતો આવ્યો છે, કારણ કે અહીં કેવળ ભગવદ્‌ભાવ સિવાય બીજી કોઇ સ્વાર્થી મનોવૃત્તિ નથી હોતી. હૈયાના ઉમળકાથી કેવલ પ્રેમભાવે શા માટે સંતોનું સ્વાગત કરીએ છીએ? પ્રભુના પ્રતિનિધિ સમા ભક્તોને હૈયાના હેતથી વધાવીએ છીએ કારણ કે તેઓ જ આપણા પરમ પિતા પરમાત્માના સાચા પ્રતિનિધિ છે. આપણા સૌના અંતરમાં અજ્ઞાત રીતે પણ પરમ પિતા પરમાત્મા પ્રત્યે તો ભાવસંબંધ ઊંડે ઊંડે પણ પડેલો હોય છે. સંસારના સંબંધીઓનો સંબંધ તો મૃત્યુ સુધી જ હોય છે. પરંતુ આપણા જે સાચા સગા પ્રભુ છે, તેની સાથે તો આપણે મૃત્યુની પણ પેલે પાર નિત્ય સંબંધથી જોડાયલા છીએ. પૂ. મા પણ પરમશક્તિ પરમાત્માના અવતાર સમાન છે. તેમને જાણતાં ન હોવા છતાં, તેમનો કોઇ પૂર્વ પરિચય નહીં છતાં પૂ. માને આ ભોળા ગ્રામ્યલોકોએ જ ભગવદ્‌ભાવથી વધાવ્યાં તે ખરેખર પરમાત્માની પરમકૃપા જ ગણાય. કેવલ પ્રેમભાવે કોઇને માટે તપીએ, રાહ જોઇએ, દર્શન માટે ધીરજ ધરીને બેસીએ તે પ્રભુની પરમ કૃપા વિના શક્ય નથી.

પૂ. મા અહીં પધાર્યાં તે મંગલ ઘડીને ગ્રામજનોએ પ્રેમથી વધાવી લીધી. સૌ વાજતે ગાજતે પૂ. માનું સ્વાગત કરતાં ગાવા લાગ્યાં.

ધન્ય આજની ઘડી રળિયામણી
મારો વ્હાલોજી આવ્યાની વધામણી હોજી રે...ધન્ય

ઝાંઝપખાજના મધુર ધ્વનિ સાથે આજની રળિયામણી ઘડીને માણતાં, આનંદમાં ગુલતાન થતાં સૌ વાજતે ગાજતે પ્રેમજી-ભાઇના ઘેર આવ્યા છે. અહીં આંગણામાં માથે કળશ અને શ્રીફળ ધારણ કરેલી, બંને બાજુ હારબંધ ઊભેલી નાનકડી પરી જેવી કન્યાઓએ પૂ. માનું ફૂલડે વધાવતાં સ્વાગત કર્યું છે. પૂ. મા આસન પર બિરાજ્યાં એટલે પ્રેમજીભાઇના સમગ્ર પરિવારે આરતી અને સ્તુતિ દ્વારા પ્રેમપૂર્ણ સ્વાગત કર્યું. સ્વાગત માટે આવેલાં સૌ ગ્રામજનો અહીં સત્સંગ સભામાં ગોઠવાઇ ગયાં છે. વિશાળ ફળીયું માનવ મેદનીથી ઊભરાઇ ગયું. ખૂબ મોડું થયું છે. યાત્રીકોને હજુ જમવાનું પણ બાકી છે. વહેલી સવારથી શરૂ થયેલી યાત્રાથી પૂ. મા પણ થાક્યાં છે. પરંતુ સત્સંગીઓના ઉત્સાહથી પૂ. મા પોતાનો થાક ભૂલી ગયાં છે. પૂ. મા જ્યાં પણ સાચા દિલનો ભાવ જુએ છે ત્યાં પોતાની જાતને વિસરી જાય છે. પછી પૂ. માને સમય કે શરીરનાં કોઇ બંધન રોકી શકતાં નથી. અહીં પણ પૂ. માએ ત્રણથી પાંચ બે કલાક સુધી ભોળા ગ્રામ-જનોને ભગવાનની વાતો કરી. થાક, ભોજન એને ઠેકાણે રહ્યાં, પૂ. માએ ભજનનું ભોજન પીરસી સૌને પ્રભુપ્રેમથી તૃપ્ત કર્યાં.

પૂ. માએ પ્રભુની વાતો કરતાં કહ્યું, "પ્રભુને તમારા જીવન સાથે વણી લો. સવારથી સાંજ સુધી જે પણ કંઇ કામ કરો તેના



સાક્ષી પ્રભુને રાખો. પ્રભુ સાથે જ છે. આપણાં દરેક કાર્યોને જોઇ રહ્યા છે, એમ માનીશું તો કોઇ પણ ખોટું કામ આપણાંથી નહીં થાય. મંદિરમાં જ પ્રભુના દર્શન થાય એવું નથી. પ્રભુનાં દર્શન આપણા દરેક કાર્યમાં થવાં જોઇએ. તો આપણાં દરેક જીવનકર્મ નિષ્ઠાપૂર્ણ અને કપટરહિત બનશે, જે આપણને દિવસના છેડે શાંતિપૂર્ણ ઊંઘ આપશે. નિષ્કપટકાર્યનો સંતોષ આપણા મનને પ્રસન્ન રાખશે. દિવસભરના પ્રામાણિક પુરુષાર્થથી જેમ સાંજને છેડે પવિત્રતાની હાશ અનુભવી શકીએ છીએ તેમ જીવનના અંતે પણ શક્ય બનશે. જીવન છોડવાનો જ્યારે સમય આવશે ત્યારે અંતરમાં કોઇ ડંખ નહીં રહે. રાગદ્વેષ, કપટ કે કોઇ વાસનાઓ પીડી નહીં શકે. જીવનભર પ્રભુને સાથે રાખ્યા હશે તો જીવનના અંતે પ્રભુના ખોળામાં શાંતિથી મસ્તક મૂકી શકીશું. પછી એ મૃત્યુમાં અશાંતિનો ઉચાટ નહીં હોય, પણ પરમશાંતિની તૃપ્તિ હશે. એ જીવનસંધ્યાએ પ્રભુના મંગલ મંદિરનાં દ્વાર તમારા સ્વાગત માટે ખુલી ગયાં હશે."

ભોળા ગ્રામજનોને પ્રભુપ્રેમની સરળ વાતો કરતા પૂ. મા કહે "પ્રભુના ફોટાને ફોટો નહીં માનો, પ્રભુ તેમાં પ્રત્યક્ષ છે, સામે જ બેઠા છે તેમ સમજી તેની સાથે વ્યવહાર કરો. આથી જીવનમાં જાગૃતિ આવશે. પ્રભુને મંદિરમાં રાખીને આપણે એકલા જ જો ચાલવા જઇશું તો ગોથું ખાઇ જવાનો પૂરો સંભવ છે. પ્રભુની એક નાનકડી છબી ખીસામાં પણ રાખો, તેનાં વારંવાર દર્શન કરી તેની સાથે વાતો કરતા રહો. જ્યાં સુધી પ્રભુ તમારી સાથે છે ત્યાં સુધી શુખશાંતિ સતત તમારી જીવનસંગિની બનીને રહેશે."

પૂ. મા આજે સદન કસાઇ, ભક્ત તુકારામ તથા ભક્ત રોહી-દાસના જીવનપ્રસંગોની વાતો કરે છે. તેઓએ પ્રભુનું શરણ

સ્વીકાર્યું તો પ્રભુએ તેમનાં બધાં કાર્યો કેવી રીતે ઉકેલ્યાં તેની વાતો ઉદાહરણ સાથે સમજાવી સતત બે કલાક સુધી સત્સંગ સભા ચાલી. સૌને ભગવાનના નામસ્મરણમાં ડૂબવાનો અદ્‌ભુત લ્હાવો મળ્યો. બાર વાગ્યાને બદલે સૌ પાંચ વાગ્યે જમ્યા. ત્યાર-પછી સોમનાથના દર્શને જઇ રાત્રિરોકાણ મેસવાણમાં જ કર્યું.

બીજી વખત પૂ. મા ૧૩, એપ્રિલ '૯૨ ના રોજ જ્યારે મેસવાણ પધાર્યાં ત્યારે પણ મેસવાણના ભક્તજનોની આવી જ કસોટી થઇ, પરંતુ પૂ. મા પ્રત્યેની તેમની અપૂર્વ શ્રદ્ધાને લીધે તેઓ ધીરજપૂર્વક દર્શન સત્સંગ માટે રાહ જોતા રહ્યા. પૂ. મા પાંચ વાગ્યાને બદલે રાત્રે દશ વાગ્યે પધાર્યાં તો પણ રાત્રે દશ વાગ્યે પણ પૂ. માનું ભાવભર્યું વાજતે ગાજતે સ્વાગત કરી પોતાનો પ્રેમભાવ વ્યક્ત કર્યો. તે દિવસે પણ રાત્રે બાર વાગ્યા સુધી સત્સંગની રસલ્હાણ પૂ. માએ પીરસી. મેસવાણમાં આ રીતે ભગવાન અને ભક્તોની કસોટી થતી રહી છતાં જેવો ભક્તોનો ભાવ તેથીયે વિશેષ પ્રેમભાવ ભગવાન બતાવતા રહ્યા. ભક્તોએ રાત્રે દશ વાગ્યા સુધી ધીરજ રાખી તો પૂ. માએ રાત્રે બાર વાગ્યા સુધી સત્સંગ સુખ આપ્યું. પૂ. મા ક્યારેય અંતરના સાચા-ભાવને તોડી શકતાં નથી. ભગવાન માત્ર ભાવથી પરવશ છે. જ્યાં ભાવ જુએ છે ત્યાં રાત્રે બાર વાગ્યે પણ ભાવનો જવાબ આપવા તત્પર હોય છે. રાત્રે દશ વાગ્યે મોડું થવાથી પૂ. મા થાક્યાં હતાં, આરામની જરૂર હતી છતાં સૌના પ્રેમભાવને વશ થઇ સત્સંગ સુધારસ પાતાં રહ્યાં. મેસવાણના ગ્રામજનો સાથે પૂ. માનો પ્રેમનો નાતો જાણે અતૂટ બંધાઇ ગયો છે.

પૂ. મા કહે છે, "પ્રેમજીભાઇના પ્રેમને વશ થઇ અમે અહીં



આવીએ છીએ. ભવિષ્યમાં પણ વગર આમંત્રણે અહીં આવવા માટે અમે બંધાયેલાં છીએ." પ્રેમજીભાઇની એક સુપુત્રી શ્રી જ્યોત્સ્નાબેન પૂ. માનાં અનન્ય ભક્ત. તેમના લીધે પ્રેમજીભાઇના સમગ્ર પરિવારે પૂ. માનાં શ્રી ચરણોમાં અનન્ય શ્રદ્ધાભાવ વ્યક્ત કર્યો છે. તો આજે એ સત્સંગવડ વિસ્તૃત થતો ચાલ્યો છે. એક વ્યક્તિથી સમગ્ર પરિવાર અને એક પરિવારથી સમગ્ર ગામ સુધી એ વડની સત્સંગ છાયા વિસ્તરતી રહી છે. શ્રી પ્રેમજીભાઇને તેમના ભાવિક પુત્રો અને પુત્રવધૂઓ પૂ. મા સાથે આવેલા ભક્તોનું પણ એટલા જ પ્રેમથી સ્વાગત કરે છે, હૈયાના હેતથી તેમને મિષ્ટાન્ન ભોજન જમાડે છે અને બ્રહ્મદેવતાઓને દક્ષિણા પણ એટલા જ પ્રેમથી આપે છે.

પ્રેમજીભાઇના પ્રેમને વશ થઇ પૂ. મા અહીં જ અનેક અગ-વડતાઓ છતાં રાત્રિરોકાણ કરે, તે પ્રેમભર્યા પરિવારની બહેનોને લાભ મળે એટલે બીજે દિવસે છેક અગિયાર વાગ્યા સુધી પૂ. મા ખાસ રોકાઇ જાય. સમગ્ર પરિવારની પોતાની પાસે બેસાડે અને આત્મીયતાનો એક અલૌકિક સ્પર્શ સૌને આપે, અહીં જ જુઓને, અત્યારે ૧૪, એપ્રિલ '૯૨ નું પ્રેમલ પ્રભાત પ્રેમજી- ભાઇના ગૃહમંદિરે પ્રકટ્યું છે. એક અનુપમ દર્શનનો લ્હાવો સૌ સાથે આપણે પણ માણી લઇએ. બરાબર ધ્યાન ધરીને દર્શન કરો. પૂ. મા અત્યારે એ ગૃહમંદિરે પુષ્પોથી શણગારેલા હિંચકા ઉપર ઉતરાદિ મુખે શ્વેત વસ્ત્રો ધારણ કરીને, ડાબા પગથી ધીમેથી ધક્કો આપીને હિંચતાં પ્રસન્ન વદને બિરાજ્યાં છે. હિંચકાની આસપાસ પ્રેમજીભાઇના સમગ્ર પરિવારની બેનો, ભાઇઓ તથા અન્ય ભક્તોજનો, જેમ વૃક્ષના આધારે વેલ વીંટળાઇને રહે તેમ સૌ એ માતૃવાત્સલ્યના પૂંજને વીંટળાયને બેઠાં છે. કેટલું મીઠું મીઠું

મનભાવન દર્શન છે આ! આપણે ક્યાં બીજું કંઇ કરવાની જરૂર છે? સૂતાં ઊંઘતાં, હાલતાં ચાલતાં ઘેર કે ઓફિસે, ખેતરમાં કે દુકાનમાં બસ વ્હાલમથી મઢેલા, રસમાધુર્યના ભંડાર સમા પૂ. માને હેત ધરીને મીટ માંડીને નિરખ્યાં જ કરીએ તોય આપણો તો બેડો પાર થઇ જાય! પૂ. મા ઝૂલી રહ્યાં છે અને સૌને હેતના ઝુલે ઝુલાવી રહ્યાં છે. મધમાખીઓની જેમ સૌએ પ્રેમમધુપનું પાન કરવામાં તન્મય છે. ત્યાંથી કોઇને એક ઇંચ પણ આઘા ખસવાની ઇચ્છા નથી, પરંતુ પૂ. મા પ્રેમજીભાઇનું નવું મકાન તૈયાર થવાનું હતું તે ભૂમિ પર જવા ઇચ્છતાં હતાં. તેથી સૌ પૂ. મા સાથે ત્યાં ગયાં. વિદુરજીની ઝૂંપડીમાં કૃષ્ણપ્રભુ જમીન પર કદાચ આસન પર બીરાજ્યા હશે, પરંતુ પૂ. મા અહીં તો પોતાના બાળકની ઝૂંપડીમાં ખુલ્લી જમીનપર જ બેસી ગયાં! આસન પાથરવા સૌ આગ્રહ કરવા લાગ્યા, પરંતુ એ પ્રેમસ્પર્શ વચ્ચે પૂ. મા જાણે કંઇ લાવવા ઇચ્છતાં ન હતાં. એ મકાનનાં પાયામાં પૂ. માની આજ્ઞા પ્રમાણે શ્રી પંડીતજીએ શ્લોકોના ગાન સાથે ગંગા-જલ છંટાવ્યું, સૌને એ પવિત્ર ભૂમિ પર ગરબે રમાડયાં, પ્રભુનું પ્યારું વૃંદાવન ધામ જાણે અહીં રચાઇ ગયું. છેક અગિયાર વાગ્યા સુધી પૂ. માએ સૌને અનુપમ સાન્નિધ્ય સુખ આપ્યું.

હવે પૂ. મા વિદાય થઇ રહ્યાં છે, સૌ ગોપીજનો વિદાય થતાં કૃષ્ણના રથને ઘેરી વળીને પ્રેમાશ્રુઓ સાથે વિલાપ કરી રહ્યાં છે. એ ભાવગીતથી પૂ. મા સહિત સૌના હૈયાં ભીંજાયાં છે.

જાઓ મા, જાઓ મા, જાઓ મા રે,
મા અમને છોડીને બીજે જાઓ મા,
સુરજ તલસે, ચાંદો તલસે,
તલસે છે નવલખ તારા રે... મા અમને.



ગાયો તલસે, વાછરડાં તલસે,
તલસે છે ગોપ ગોવાળા રે... મા અમને.
ગંગા તલસે, જમના તલસે,
તલસે છે નદીઓ ને નાળાં રે... મા અમને.
પૂ. મા વિદાય થયાં છે,
પણ એક તલસાટ દિલમાં જગાવી ગયાં.
રોમરોમમાં રાગ ઉઠયો છે, તલસે પ્રાણ અપાર,
મધુર મુખ લઇ સામે આવો, સૌ સાધનના સાર!
આપો દર્શન એક જ વાર,
અમને દર્શન વારંવાર.

શ્રી યોગેશ્વર કૃપા
**સંદીપ વેલ્ડીંગ વર્કસ**
ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫ ૦૦૭

# સ્વ. સરસ્વતીબેનને શ્રદ્ધાંજલિ

પરમ વંદનીય દેવી સાધ્વી સતી શ્રી સરસ્વતીજી

આપના પરમ મંગલમય જીવનને અમારી વંદના.

આપની સંસારી શ્રેષ્ઠ અભિનય કલાને અમારી વંદના.

સંતપરબડીનાં પાણી પીને સ્વયં આપ જ પૂનિત પરબડીના સ્વરૂપે પ્રતિષ્ઠિત થયેલાં આપને અમારા પ્રેમભર્યા પ્રણામ.

પ્રભુના પાર્ષદ સમા આપના ગુપ્ત સ્વરૂપને અમે પામી ના શક્યા તે રંજ સાથે આપને અમારી અંતરની ભાવભરી અંજલિ ધરીયે છીએ.

અમારા સૌના પ્રિય ને પૂજ્ય શ્રી નારાયણસ્વરૂપને અમે સર્વપ્રકારે સંભાળી શકીએ એવી શક્તિથી સંપન્ન બનીએ એવી, હે દેવી, તમારા શ્રી ચરણે પ્રાર્થના.

હે પતિવ્રતા દેવી આપ જ સ્વયં જીવંતતીર્થ સમાં છો. આપના પાવન સંસ્મરણો અમારી જીવન મૂડી બની છે.

શ્રી યોગેશ્વર આંગણે આપનું સર્વપ્રકારે સન્માન હો. જન્મો-જન્મ પધારજો. દીવડી બની પ્રકાશજો.

અમારી જાણ્યે અજાણ્યે થયેલી ભૂલોને ભૂલજો. અમને આપની પવિત્ર પગદંડી પર પગલાં પાડવાની અખંડ પ્રેરણા ધર્યા કરજો.

લિ. આપના બાળકો અમે.



## “ મા ”

(રાગ : રક્ત ટપકતી)

સરસ્વતી છે નારાયણની જીવન સંગીની ન્યારી,
હરજીવનના મંદિરીયામાં પ્રકાશ પાથરનારી.
દેવી વંદન હો, તુજને,
દેવી અભિનંદન તુજને.

બાળ બ્રહ્મચારીનું દર્શન પામી બની બડભાગી,
સંત સેવાની અમુલખ મુડી જીવનભર લૂંટનારી. દેવી૦

નારાયણની કલમે સાચો દીવડો તું ધરનારી,
પતિની પડખે સહયોગ ધરી પૂર્ણપણે વરનારી. દેવી૦

સખી સ્વરૂપ ધરી સંતાનોની પડખે કેવી ઉભી,
શ્રદ્ધા ભક્તિની અખંડ જ્યોતિ પરિવારે પ્રગટાવી. દેવી૦

બે ફૂલડાની આહુતિ ધરતાં સ્વસ્થતા ધરી કેવી,
જીવનની ક્ષણભંગુરતાના પાઠ શીખવવા પધારી. દેવી૦

સેવકગણની સાચી સ્વજન બની હુંફ અનોખી દીધી,
પ્રેમનો પાવનમંત્ર જપીને સૌને તું જીતનારી. દેવી૦

સંતપંથને વધાવનારી સાધિકા બની સાચી,
નામજપની નાવડીમાં બેસીને તું તરનારી. દેવી૦

યોગેશ્વર ચરણોની રજને મસ્તકે તું ધરનારી,
સતી સાધ્વી દેવી સ્વરૂપે સૌએ તને સન્માની. દેવી૦

સર્વેશ્વરી કરજોડી પ્રાર્થે વગાડો પ્રભુ વંશી,
જાગે ગોપી ઝંકૃત બનતાં જન્માંતરની જોગી. દેવી૦

* * *

॥ શ્રી યોગેશ્વર પરમાત્મને નમઃ॥

સુજ્ઞ ભાઈ શ્રી નારાયણભાઈ

આજે સૌરાષ્ટ્ર સમાચાર દ્વારા સૌ. સ્વનામ ધન્ય સરસ્વતી-બેનના યોગેશ્વર–લોકમાં સદાકાળ નિવાસ થયાના ખબર વાંચ્યા. અલબત્ત, તેમને માટે તે પરમાત્મ–પ્રદેશનો પ્રવાસ છે, પરંતુ આપણે તેમને હવે ફરી કદિય મૂર્તિ થયેલા રૂપમાં જોઈ શકીશું નહિ તે આપણે માટે અત્યંત દુઃખદ ઘટના છે.

'અધ્યાત્મ'માં તેમની શારીરિક માંદગીની વિગતવાર માહિતી વાંચી. ત્યારે થયું કે તેમણે પોતાનું મન સંસારમાંથી પૂરેપૂરું વાળી લીધું છે અને જેમ લાંબી યાત્રાએ જનાર પોતાના ઘર બાર માલસામાન મૂકીને, માત્ર થોડામાં થોડો સામાન–લગેજ સાથે રાખે, તેમ પોતાના સત્કર્મોને જ સાથે લઈને બીજું બધું છોડીને ચાલી નીકળ્યાને હવે વાર નથી.

યોગેશ્વરજી ને શ્રી મા સર્વેશ્વરી દેવીના સંસ્પર્શથી, તેઓ સોના જેવાં તો હતાં જ પરંતુ તેનાથી આગળ, પારસમણિ સમાન બની ગયાં હતાં. તેમની સાદાઈ, સરળતા, નમ્રતા, નિર્દોષ પવિત્ર મન, શુદ્ધ હૃદય, નિખાલસતા જેવા અનેક દૈવી સંપત્તિયુક્ત ગુણોથી તેઓ પોતાના જીવનની પ્રત્યેક પળ અખંડ નારાયણ સ્મૃતિથી ધન્યભાગી બનાવી રહ્યાં હતાં. બધાં બાળકોએ તેમની ખડે પગે સેવા કરી અને ધન્યભાગી બન્યાં. હકીકતમાં, યોગેશ્વર-જીનું પોતાનું કોઈ કુટુંબ ન હતું પરંતુ કોઈ એક તે હોય તો તે તમારું હતું. સાકાર યોગેશ્વર–ધામમાં અહીં હતાં તે નિરાકાર યોગેશ્વર ધામમાં ત્યાં પહોંચી ગયાં છે. તે માટે ખેદ કરાય નહિ તેઓ પંચમહાભૂતના પિંજરમાંથી સદાકાળ મુક્ત બની ગયાં.



શાશ્વત શાંતિધામમાં પહોંચી ગયાં. પ્રભુને પ્રાર્થના કરવાની રહી નહિ કે હે પ્રભુ, તેમના આત્માને શાંતિ આપો.

શ્રી શ્રી માતૃચરણોમાં સમર્પિત
યશસ્વી મહેતાના પ્રણામ.

* * *

## સરસ્વતીદેવીને શ્રદ્ધાંજલિ

હે દેવિ, તમારા અપાર પ્રેમની સ્મૃતિના પ્રતીકને આ દુનિયામાં જીવંત રાખવા અમે શાહજહાંની જેમ કોઈ તાજમહાલ તો બંધાવી શકીએ એમ નથી, કારણ અમારી પાસે નથી કોઈ જહાંનું સામ્રાજ્ય કે નથી અમે કોઈ શાહ.

અમારી પાસે તો છે ફક્ત તમારા અપાર દરિયાવ દિલની દોલતની એક માત્ર સંપત્તિ. તેણે જ અમને સાચા તવંગર બનાવ્યા છે. તેનાથી જ અમે શું તમારા પ્રેમના શાહ નથી બન્યા? તમારા ભાવપૂર્ણ હૃદય ઉપર અમારું એક માત્ર શાસન સ્વીકારી, તમે ખરે જ અમને 'શાહોના શાહ' એવા શહેનશાહ બનાવી દીધા છે. એટલે તો, ભલે અમે તાજમહાલ રચી ના શકીએ, પરંતુ એક એવી ભવ્ય ભાવપૂર્ણ શબ્દ–સૃષ્ટિનું સર્જન કરીશું જે અનેક સમાનધર્મા સંવેદનશીલ પ્રેમીઓને તમારા પ્રેમ ખજાનાનો પરિચય કરાવી જશે, એક સાચા માનવપ્રેમીની ઓળખ આપી જશે, જે આરસના એક નહિ, પરંતુ અનેક ભવ્ય તાજમહેલો કરતાંય અધિક પ્રેરણાદાયી હશે. અરે, પ્રબળ પ્રેમનાં સાચાં સ્પંદનો માનવ હૃદયમાં જગાવવા સક્ષમ હશે.

હે દેવિ, આપને અપાયેલી એ અંજલિ–શ્રદ્ધાંજલિ શું ઓછી ભવ્ય હશે?

નારાયણ હ. જાની

# સાધન-આરાધન

વસુબેન ભટ્ટ

એક સંસારી જીવ સંતાન પ્રાપ્તિ માટે સંત પાસે ગયો. આપ કહો તે કરું. પરંતુ મને સંતાન પ્રાપ્તિ થાય તેમ કરો. સંતે કહ્યું પ્રભુ આરાધના કરો. કરતી વખતે એક ધ્યાન રાખજો કે વાંદરાનું સ્મરણ ના થાય. પેલો સંસારી જીવ જેવો આરાધના કરવા બેસે કે વાંદરો પ્રત્યક્ષ થાય. જે નહિ કરવાનું તેની સાથે મન સંકળાય. આપણી આરાધનામાં સાધન શુદ્ધિ કેટલી? કશું પ્રાપ્ત કરવા માટે જપ, તપ, વ્રત, ઉપવાસ, આખડી રાખીએ. પ્રભુને પણ ખરીદી લેવાની વૃત્તિ. મોટા યજ્ઞ કરવાથી જે પ્રાપ્ત થાય નહિ તે માત્ર ઈશ્વરના અનુગ્રહથી થાય. કઠોપનિષદ્‌માં કહેવાયું છે કે જે ભક્તને ભગવાન પસંદ કરે છે તે ભક્ત તેને પ્રાપ્ત કરી શકે છે. એના અનુગ્રહથી જ એનું સાંન્નિધ્ય અનુભવાય. સાક્ષાત્કાર થાય. આ અનુગ્રહ ક્યારે થાય જ્યારે ભક્તનું ભાવાત્મક ઐક્ય થાય. ભક્તનો અહમ ઓગળી ગયો હોય. અંતર સંપૂર્ણ રીતે પ્રભુનો જ મહિમા ગાતું હોય. પ્રભુની આરાધના માટે અંતર શુદ્ધિ પ્રથમ શરત છે. એની કૃપા જે સ્વરૂપે પ્રાપ્ત થાય તે સ્વીકાર્ય બને તો જ તેની કસોટીમાંથી ભક્ત પાર ઉતરે. પ્રભુને એના પ્રશંસકોની જમાત વધે તે માટે ખુશામત નથી જોઈતી. પ્રભુ સાધક ક્યા સાધન દ્વારા તેને પ્રાપ્ત કરવા ઈચ્છે છે તેને મહત્ત્વ આપે છે. અહમ્ હું નો ભાવ જ્યાં અદૃશ્ય થાય ત્યાં બીજું પગથિયું છે એકરૂપતા. નરસિંહ મહેતાની કથા કેટલી જાણીતી છે. હાથની મશાલથી હાથ જલી



ગયો પણ એકાગ્રતામાં આંચ ન આવી. પ્રભુ પ્રાપ્તિની તમારી અભીપ્સા કેટલી તીવ્ર છે. તે પર આધાર છે. પ્રથમ સોપાન છે અભીપ્સા. એની એવી લગની લાગવી જોઈએ કે જગત મિથ્યા લાગે. બીજું સોપાન છે કે અભીપ્સાના માર્ગમાં આવતા અવરોધો દૂર કરવાનો આગ્રહ. આ દૂર કરવા માટે કષ્ટદાયક સાધનો નહિ પરંતુ સહજભાવે. પ્રેમ ખરો પણ મમત્વ નહિ. સંયમ ખરો પણ જીદ નહિ. ભાવ, લાગણી સહાનુભૂતિ સર્વ સાથે પણ સંકળાવાનું પરમ સાથે. આરાધનાનું આખરી સોપાન સમર્પણ. સંપૂર્ણ સમર્પણ પરમ તત્ત્વ સાથે. જે રીતે મીરાં કૃષ્ણમાં સમાઈ ગઈ તે રીતે. આંતર બાહ્ય એનું દર્શન. ચિત્તમાં એનું સેવન એની ઈચ્છા એ જ સર્વોપરી. અંતર ચક્ષુનું ઉદ્‌ઘાટન, અહમનું વિસર્જન, એકાત્મનો આનંદ એ જ આરાધનાનું અંતિમ ધ્યેય. એને પામવા- નો તલસાટ, એની પ્રાપ્તિ એ જ જીવનની સાર્થકતા. ભક્તના રોમ-રોમમાંથી જે ભાવ પ્રગટ થાય તે ભજન. સ્તુતિ. શિવ મહિમ્ન-સ્તોત્ર આવો ઉન્નતભાવ પ્રગટ કરે છે. ભક્તનો દૃઢ વિશ્વાસ પ્રગટ કરે છે.

તું છે સૂર્ય ચંદ્ર પવન જલ ને અગ્નિ પણ તું,
તું પૃથ્વી ને આત્મા ગગન પણ તું છે પ્રભુ ખરે,
ધરે તારે માટે પરિમિત અભિપ્રાય બુધ આ,
અમે ના જાણીએ કયું નવી તું છે તત્ત્વ પ્રભુ હે!

પ્રભુના સગુણ કે નિર્ગુણ મહિમાનું વર્ણન કરવાનું સામર્થ્ય વાણીમાં નથી. સાક્ષાત સરસ્વતીદેવીમાં નથી તો ભક્તની કેટલી ત્રેવડ! ભક્ત તો સહજભાવે પ્રભુને પોકારે.

મારી સ્થિતિ મહીં રહો રટણા તમારી,
મારી ગતિ મહીં રહો તવ પંથ, માતા;
નિંદ્રા મહીં અતૂટ તાર તમારી સંગે,
ગૂંથાય જાગું તવ દર્શનના ઉમંગે.

પરમ પ્રભો, મારો આત્મા આપ છો. મારી બુદ્ધિ દેવી ભવાની છે. મારો પ્રાણ આપનો સેવક છે. મારો દેહ આપનું મંદિર છે. સંપૂર્ણ ઉપભોગ આપની પૂજા છે. મારી નિંદ્રા સમાધિ છે. પગનું હલન–ચલન આપની પરિક્રમા છે. મારી વાણી આપની સ્તુતિ છે. હું જે કર્મ કરું તે આપની આરાધના. મારી સમગ્રતાથી હયાતી ઓગળી ગઈ તે પરમની આરાધના.

(આકાશવાણીના સૌજન્યથી)

અંબાજીમાં ક્યાં ઉતરશો?
"સ્વર્ગારોહણ"
માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ
"સ્વર્ગારોહણ", દાંતા રોડ, અંબાજી. ટે. નં. ૨૨૬૯
(ઉ. ગુ.) ૩૮૫ ૧૧૦



# રાજ્યલક્ષ્મી પર પ્રજાનો અધિકાર

યોગેશ્વર

તુલસીકૃત રામાયણમાં એક સુંદર પ્રસંગ છે.

ઉપર ઉપરથી જોનારને એની વિશેષતા કદાચ નહિ સમજાય, પરંતુ શાંતિપૂર્વક વિચારનારને એની અંદરનું હાર્દ સમજાયા વિના રહેશે નહિ.

એ પ્રસંગની અંદર અત્યંત ઉચ્ચકોટિના સિદ્ધાંતનો સમાવેશ કરવામાં આવ્યો છે. એની ઝાંખી કરીને આપણને ખરેખર આનંદ થાય છે.

આ રહ્યો એ પ્રસંગ.

રામ અને રાવણની વચ્ચેનું ભીષણ યુદ્ધ, સમાપ્તિપર પહોંચ્યું છે અને એમાં રાવણનો પરાજય થયો છે. પરાજય તો થયો જ છે, પરંતુ રાવણનું મરણ પણ થઇ ચૂક્યું છે. દશરથનંદન શ્રીરામે રાવણને રણમાં રોળી નાંખ્યો છે. મંદોદરી કલ્પાંત કરી રહી છે. રાવણને એણે કેટલો બધો સમજાવેલો? હનુમાને, અંગદે, વિભીષણે, સીતાએ અને કુંભકર્ણે પણ સમજાવેલો કે શ્રીરામ કોઇ સામાન્ય માનવી નથી. એમની સાથે વેર બાંધવામાં સાર નથી. રામની સાથે વેર બાંધવું એટલે પોતાના વિનાશની સાથે સાથે, પોતાની સાથે સંકળાયેલાં સૌ કોઇના સર્વનાશને નોતરવો. માટે જો સુખની, શાંતિની, સલામતીની, સંપત્તિની, ઉપભોગની, ને શ્રેયની ઇચ્છા હોય તો જનકનંદિની સીતાને સન્માનપૂર્વક પાછી સોંપી દે અને શ્રીરામનો શરણાગત બનીને એમનાં શ્રીચરણોમાં

મસ્તક મૂક; તો રામચંદ્રજી તારી બધી જ ભૂલોને ભૂલી જશે, તારા પર્વત કરતાં પણ મોટા દુર્ગુણો તથા દુષ્કૃત્યોને દરગુજર કરશે, અને તને અપનાવી લેશે.

પરંતુ રાવણ સમજાવ્યો સમજે ત્યારેને?

એણે કોઇનુંય કહેવું કાને ના ધર્યું. રામની સાથેનો વિરોધ વધાર્યે જ રાખ્યો. સીતાને પણ વિવિધ પ્રકારે પીડા પહોંચાડી અને આખરે અહંકારનો જે અગ્નિ એણે પોતાના અંતરમાં પ્રજ્વલિત કરેલો, એ અગ્નિમાં એ સ્વાહા થઇ ગયો. એની એક કણિકા પણ હાથ ના લાગી.

મંદોદરી હવે કલ્પાંત કરે એથી શું વળે? રાવણને પહેલેથી જ જો સદ્‌બુદ્ધિ સૂઝી હોત તો આવા અમંગલ ભાવિને ટાળી શકાયું હોત. હવે તો કોઇ ઉપાય જ ન રહ્યો.

શ્રીરામે લક્ષ્મણને કહીને વિભીષણને લંકાનો સ્વામી બનાવ્યો. એ રીતે એમણે પોતાની પ્રતિજ્ઞા પાળી બતાવી.

એટલે, લંકાનું રાજ્ય પ્રાપ્ત થવાથી થયેલા અનહદ આનંદ તથા ઊંડી કૃતજ્ઞતાને વ્યક્ત કરવા માટે, વિભીષણે શ્રીરામને કહ્યું :

'પ્રભુ! હવે તો તમારા અનુગ્રહથી હું સર્વસત્તાધીશ બની ગયો છું. લંકાની રાજ્યધૂરા મારા હાથમાં આવી છે. રાવણનો સર્વનાશ થયો છે. આ અમુલખ અવસરના ઉત્સવરૂપે હવે તમે લંકામાં પધારો, અને જેટલી જોઇએ તેટલી સંપત્તિ લઇ લો. એ લંકાનો રાજ્યખજાનો હવે મારો એટલે કે તમારો જ છે. એ ખજાનો એટલો બધો વિશાળ છે કે વાત નહિ. એમાં ભાતભાતના હીરા, માણેક, મોતી, સુવર્ણ અને બીજા મૂલ્યવાન પદાર્થોનો સમાવેશ થાય છે. એ પદાર્થો તમારે માટે જ છે.'



શ્રીરામે વિભીષણ પ્રત્યે પ્રેમપૂર્વક દૃષ્ટિપાત કરીને પ્રત્યુત્તર આપ્યો : 'વિભીષણ! લંકાનું સામ્રાજ્ય તને મળ્યું છે એ સાચું છે. પરંતુ લંકાની સંપત્તિ તારી નથી. એના પર તારો નહિ, પરંતુ પ્રજાનો અધિકાર છે. પ્રજાના હિત માટે એનો ઉપયોગ કરવાનો છે. માટે એની લૂંટ ના થઇ શકે. એનો દુરુપયોગ પણ ન કરી શકાય. તારી બહુ ઇચ્છા હોય તો, થોડાં વસ્ત્રો અને થોડું ધન લઇને આપણા સૈન્યમંડળમાં વહેંચી દે. બાકી મારે તો એ સંપત્તિ ભંડારમાંથી કશું ય જોઇતું નથી. ના, એક કોડી કે ફૂટી બદામ પણ નહિ. હું એને સ્પર્શ પણ નહીં કરું. મારે માટે એ પરધન છે. એ મને નહીં લલચાવી શકે."

વિભીષણે કેટલાય અનુનયવિનય કર્યા. પરંતુ બધાય વ્યર્થ. શ્રીરામ પોતાની નિષ્ઠામાંથી ના ડગ્યા. ડગે તો તે રામ શાના?

છેવટે વિભીષણે થોડાંક મૂલ્યવાન વસ્ત્રો અને ઘરેણાં વિમાન-માં ભરીને વાનરસેના પર વરસાવ્યાં અને એવી રીતે આત્મ-સંતોષનો અનુભવ કર્યો.

રામાયણ અને એના રચયિતા તુલસીદાસ આ પ્રસંગના સંદર્ભમાં એ મહાન સિદ્ધાંતને સમજાવવા માગે છે કે રાજ્યની લક્ષ્મીપર રાજાનો અધિકાર નથી; પરંતુ પ્રજાનો અધિકાર છે. રાજકર્તા કે શાસક તો તેનો સંરક્ષક માત્ર છે. તેણે તેનો સદુપયોગ કરવાનો છે. એ લક્ષ્મી કે સંપત્તિ એના અંગત સુખોપભોગ કે પ્રમોદને માટે નથી. એને વેડફી નાખવાનો કે લૂંટાવાનો હક્ક એને કદીપણ, અને કોઇએ કારણે, પ્રાપ્ત નથી થતો. ઇતિહાસમાં શત્રુને જીત્યા પછી કે પહેલાં, એની રાજ્યલક્ષ્મીને લૂંટવાના બનાવો ઘણા બન્યા છે. પરંતુ લોકહિતૈષી રામ એવું ના કરી શકે. રામ જ શું

કામ? લોકહિતૈષી કોઇ પણ રાજા કે નેતા એવું વિચારી શકે જ કેવી રીતે?

લોકશાહીના આ જમાનામાં, અને આટલાં બધાં વરસો પછી પણ આ વાત કેટલી બધી સાચી છે? કેટલી બધી સારગર્ભિત છે? આજના શાસકો આ ક્યારે સમજશે?

## ચૂંટેલાં પુષ્પો

જેને સાચા ગુરુ મળ્યા છે તેવો શિષ્ય જ્ઞાન માટે ફાંફા મારતો બીજા ગુરુઓ પાસે નહિ જાય. આવો શિષ્ય સતી સ્રી જેવો છે. જેણે એકવાર પતિ પર સાચો પ્રેમ કર્યો છે તે પ્રેમની તૃષ્ણાથી કદી બીજાની સામું નહિ જુએ!

યશોદામા (કૃષ્ણપ્રેમના ગુરુ)

શ્રદ્ધા એ ભારતવાસીના મનને સ્વાભાવિક ગુણ છે. ભારતની પવિત્ર ભૂમિ પર મેં પગ દીધો એ જ દિવસે મને એ વાતનો સુખદ સ્પર્શ થયો હતો.

અંગ્રેજ સાધુ એલેકઝાંડર (હરિદાસ)

આ જગતમાં કશું જ સ્થાયી કે સ્થિર નથી. જડ, ચેતન, તમામ ચીજો અસ્થિર છે. જેનો જન્મ થયો છે એનું મૃત્યુ નિશ્ચિત જ છે. જેનું સર્જન થયું તેનું વિસર્જન નક્કી જ છે. આ સનાતન સત્ય છે. પ્રકૃતિનો આજ અફર નિયમ છે. આ નિયમમાં કોઇ જ અપવાદ નથી. આ નિયમને કોઇ પડકારી શકે નહિ.

* * *

જનોઇ ખભે લટકાવવાથી કે વધુ પડતી આભડછેટ પાળવાથી બ્રાહ્મણ બની જવાતું નથી. પ્રાણીમાત્રમાં પરમેશ્વરને પેખનાર જ ભગવાનનો ભક્ત છે. એ જ સાચો બ્રાહ્મણ છે.



## * પ્રભુકૃપા *

(ગાન)

પ્રભુની કૃપા અપાર, હે સુંદર સરજનહાર
સુંદર દેહ દીધો એણે ને, સુંદર નયનો કાન,
હાથપગને હૈયું સુંદર, નાક જીભ ને સાન
જગજીવનનો સાર, પ્રભુની કૃપા અપાર.

સૂરજચંદા આપ્યા એણે, સમીરણ પાણી આપ્યાં જેણે,
પહાડ ફૂલ ને ઝરણાં સાગર, વર્ષા–ધરતી દીધાં જેણે
એ અનહદ ઉપકાર, પ્રભુની કૃપા અપાર.

મનખા દેહ દીધો મોંઘો ને, આતમ દીપ જલાવ્યો જેણે
ગીતા સુંદર આપી જેણે, પ્રીત–પરમ જગાવી જેણે
ધન્ય કીધો અવતાર, પ્રભુની કૃપા અપાર
હે સુંદર સરજનહાર, એ મુજ તારણહાર.

— ડો. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)

○

## * ચાલો આપણે ઘેર *

મુલક પરાયો તજીને મનવા, ચાલો આપણે ઘેર;
કરી રહ્યું છે સાદ સાંભળો, આપણું વ્હાલું શહેર.
મનવા ચાલો આપણે ઘેર૦

**શૈશવ**

આંખ ઉઘાડી પ્રથમ આપણે આંસુ વહાવતા'તાં,
માતની મમતા, પ્રેમ પિતાનો, સુખમાં ડુબાડતાં'તાં;
હસતાં–રમતાં વીતી ગયેલું શૈશવ રૂડી પેર.
મનવા ચાલો૦

**યૌવન**

જીવનકુંજે વસંત ખીલી, શા ઉલ્લાસ, ઉન્માદ!
મોજ મહીં મન મગ્ન, અંતરે લેશ વ્યથા ન વિષાદ,
રાતે મનગમતાં શમણાં, ને દિવસે લીલા લહેર.
મનવા ચાલો૦

**જરા**

ઢળ્યા બપોરા, ઊતર્યાં જીવનસંધ્યાનાં અંધારાં,
ડગુમગુ થાતી જીર્ણ કાયના તૂટી રહ્યા સધિયારા;
ચાલો મનવા, તજી દઈએ જીવનના ખંડેર.
મનવા ચાલો૦

— કિસ્મત કુરેશી



## * વછૂટયા રામ–હસ્તેથી *

રામનામે તર્યા પાણ, સેતુની રચના થઈ,
રામની વાનર સેના, લંકા પર ચડી ગઈ.
રામનામે તર્યા પાણ! આશ્ચર્ય સર્વને થયું,
રામને ખુદ આશ્ચર્ય! શંકી અંતર તો રહ્યું.

શંકા નિવારવા કાજે, રામ ગયા ઉદધિતટે,
ગોપાઈ એકલા, છૂપ્યા બેઠા હનુમંત નિકટે.
કરકમલે ગ્રહી પ્હાણ, પાણીમાં રામ નાખતા,
હાય રે! રામના પ્હાણ, તરે ના, કિન્તુ ડૂબતા.

નૈરાશ્ય–ઉદધિ–ડૂબ્યા, ચિંતવે રામ એકલા,
પ્રત્યક્ષ અંજનીસૂત, છોભીલી પ્રભુની કલા.
'દીઠુંને અંજની સૂત! ભોપાળું તુજ સ્વામીનું,'
હનુમન્ત વદેઃ 'સ્વામી! આ તો મા'તમ આપનું.

રામ–નામે તર્યા પ્હાણ એ તો સત્ય સનાતન,
[1]વછૂટયા–રામ–હસ્તેથી ડૂબવાના જ તત્ક્ષણ.
મેધાવી અંજની–સૂત, રામની ગરવી કલા!
વાંચે આ ગરવી–ગાથા, ટળે સૌની અલાબલા.

— ડૉ. રણજિત પટેલ (અનામી)

૧. રામનો હસ્ત છોડે તે જ ડૂબે, એને પકડી રાખે તે સૌ તરે.

# પત્રો-હિમાલયથી

શ્રી સુરેશભાઈ શાહ-કેનેડા

## પત્ર-૨૧ : સર્વ સમર્પણ

પૂ. શ્રીના એકવીસ, બાવીસ વર્ષની ઉંમરે લખાએલા આ પત્રોના ભાવો અને વિચારો જાણીને થાય છે કે પૂર્વજન્મની આધ્યાત્મિક પરિપક્વતા અને પ્રભુની પૂર્ણ કૃપા વિના આટલી નાની વયમાં આ વિચારો શક્ય ના હોઈ શકે. અતિ અસામાન્ય માનવને જ આવા હૃદયસ્પર્શી ભાવો લબ્ધ થાય.

સર્વ સમર્પણની પરિભાષાનું સ્પષ્ટીકરણ કરતાં પૂ. શ્રી જણાવે છે કે "પૂર્ણતા માટે જ પૂર્ણતા," એક માત્ર સાધકનો વિચાર હોય, ઈશ્વર વગર રહી શકાતું જ નથી, અને ઈશ્વર માટે સર્વ કાંઈ ત્યાગીને ઈશ્વર માટે તરફડવું એ સ્વભાવ માત્ર થઈ જાય તેને સર્વ સમર્પણ કહે છે. ઈશ્વરને માટે સર્વનું સમર્પણ કરવું, ઈશ્વર પ્રાપ્તિ વગર નિરાશ થઈ જવું ને ઈશ્વરને માટે જ ઈશ્વરની ઝંખના કરવી કે આત્માને માટે જ આત્માનું સાધન કરવું એ સર્વ સમર્પણ માટે અતિ આવશ્યક છે. કવિ પ્રીતમદાસની પંક્તિઓ ટાંકતાં સમર્પણભાવને પૂ. શ્રીએ બહુ સુંદર રીતે ગાયો છે-

"સુતવીતદારા શીશ સમરપે તે પામે રસ પીવા જોને,
સિંધુ મધ્યે મોતી લેવા માંહિ પડે મરજીવા જોને."

-અહીં "સુતવીતદારા શીશ સમરપે" એનાથી સર્વ વાસના ને આસક્તિનું સમર્પણ એમ જ સમજવાનું છે.

મનુષ્યજીવનની સાર્થકતા અને ધ્યેય વિષે પૂ. શ્રી જણાવે છે



કે, મનુષ્ય શરીર કાંઈ જેને તેને મળતું નથી. એ એક દુર્લભ વસ્તુ છે. તે કલ્પવૃક્ષ સમાન છે. તેમાંથી મનુષ્ય ઈચ્છાનુસાર ફળ મેળવી શકે છે, તમારી ઈચ્છા હોય તો સંસારના બે ઘડી આનંદ આપનારા વિષયી પદાર્થો પાછળ તેનો નાશ કરી શકો છો. નહિ તો મુક્તિની દિશામાં તેનો ઉપયોગ કરી તેને તમારા પ્રભુનું પવિત્ર મંદિર પણ બનાવી શકો છો. દિવસો ચાલ્યા જાય છે અને જીવન પણ ટૂંકું થતું જાય છે, માટે દૃઢ પુરુષાર્થ કરવો જોઈએ, તે મહાન સંતપુરુષોના ગુણો આપણામાં ઉતારી પ્રેમ, શાંતિ ને આનંદની મૂર્તિ બની જવું જોઈએ. ત્યારે જ આપણું જીવન કૃતકૃત્ય થશે.

ઈશ્વરપ્રેમ વિષે ઉલ્લેખ કરતાં પૂ. શ્રી કહે છે કે, ઈશ્વરના પ્રેમમાં મસ્ત રહેવામાં જેટલો આનંદ છે, તેટલો સંસારભરમાં ક્યાંય નથી. આત્માના આનંદમાં મસ્ત રહેવામાં જેટલી મજા છે, તેટલી સૃષ્ટિ સારીના કોઈ પણ પદાર્થમાં નથી. અરે, ઈશ્વરની પાછળ આંસુ સારવામાં જે રંગ છે તેનું બિંદુ પણ સ્વર્ગના સુખભોગમાં નથી. માટે એ પ્યારા પ્રિયતમમાં જ રહેવું જોઈએ. એનું જ સ્મરણ કરવું જોઈએ ને એના જ ધ્યાનમાં મસ્ત રહેવું જોઈએ.

ઋષિકેશ વિષે પોતાના વિચારો મિત્ર સખા નારાયણભાઈને જણાવતાં કહે છે કે, 'ઋષિકેશ ખૂબ જ સુંદર સ્થાન છે. અહીંના પત્થર, અહીંની રેતી, ડુંગર, ગંગાજી, સર્વ અનેરું લાગે છે. એવી ભૂમિમાં રહેવાનો આનંદ કેટલો હોય? અહીં તો ભગવાને જ વાસ કર્યો છે એટલે અહીં આવીને ભગવાનની સાધના શું કરવાની? ભગવાનનાં દર્શન જ અહીં તો સર્વત્ર કરવાનાં. હરિ-દ્વાર પૂ. શ્રી ગયા હતા પણ ઋષિકેશ આવ્યા ત્યારે સાસરે આવ્યા હોય તેવું લાગ્યું. મીરાં જેમ કહે છે કે "પૂર્વજન્મની હું

વ્રજગોપી' તેમ પૂ. શ્રીને પણ ઋષિકેશ સાથે પહેલાંનો ગાઢો સંબંધ લાગે છે. આ ભૂમિ વધારે સુંદર ને પવિત્ર લાગવાનું એક કારણ તો એ છે કે અહીં ઘણા સંતોએ તપશ્ચર્યા કરેલી છે. તેનાં પરમાણુ અહીં પ્રસરેલાં છે. જેનું હૃદય જેટલું તૈયાર હોય તેટલી પ્રસાદી અહીંથી મળી રહે છે—આપણે તીર્થો અને પ્રભુના ધામોમાં જઈએ છીએ પણ પૂ. શ્રી જેવું મનથી અવલોકન કરતા નથી પરિણામે તીર્થોનું તીર્થાટન અને તીર્થધામોની યાત્રા ફળતી નથી. મોટાભાગની યાત્રા હરવા, ફરવા, તથા મનને આનંદ આપવા અથવા સ્થાનફેર કર્યાનો સંતોષ માનવા થાય છે. જીવનની આ કરુણતા છે, આશા રાખીએ પૂ. શ્રીના ભાવો આપણને નૂતન-દિશાનું સૂચન કરવા સમર્થ બને!!

## પત્ર–૨૨ : મનુષ્યજીવનની સાર્થકતા

પોતાના બાળસખા નારાયણભાઈને બી. એ. માં સફળતા મેળવવા માટે પૂ. શ્રી અભિનંદન આપે છે. અને સુનીતિ ગર્લ્સ સ્કૂલમાં શિક્ષકનું કામ સ્વીકારવા બદલ સંતોષ વ્યક્ત કરે છે. શિક્ષણક્ષેત્રે શિક્ષકો પોતાના સારા વ્યવહારથી અને નિયત પુસ્તકો અને નિયત સમયથી સવિશેષ સારો શિક્ષક બહારનું ઘણું ઘણું જ્ઞાન અંદરના ટેકારૂપે વર્ગસમક્ષ મૂકી શકે છે અને સારો શિક્ષક હંમેશાં એક લીટી વાંચે છે તો પાંચ લીટી બહારથી શીખવે છે તેમ જણાવી ચાલુ જડ શિક્ષણ પદ્ધતિ તરફ અંગુલિનિર્દેશ પણ કરે છે. પૂ. શ્રી પોતાના આધ્યાત્મિક વલણને લીધે શિક્ષણ છોડવું પડયું તેનું દુઃખ વ્યક્ત કરતાં જણાવે છે કે, આપણે હતા તો એક વર્ગના કે ગુરુના વિદ્યાર્થી, પણ પેલા કૃષ્ણની જેમ તમે બધા જાણે વિદ્યાને ઉપાધિના ઉચ્ચ આસને બેસી ગયા ને હું તો 'મારે તુંબડી ને લાકડી' જેવો સુદામા જેવો જુદે રસ્તે જ પડી ગયો—પણ



ભાવિને કોણ મિથ્યા કરી શકે છે? બધું મંગલમય જ થાય છે. પૂ. શ્રી યોગેશ્વર (કૃષ્ણ) થયા તે આપણને સૌને વિદીત જ છે.

જીવનની સાર્થકતા ઈશ્વર સ્મરણ, ઈશ્વર દર્શન અને તેના સતત સાન્નિધ્યમાં જ રહેલી છે તેમ પૂ. શ્રી દૃઢપણે જાણે છે અને હિમાલયના પોતાના "વ્રત" વિશે જણાવે છે કે, ભાઈ નારાયણ મારા વ્રતને કાંઈ ઓછું જ ભારે વ્રત કહેવાશે? જ્યાં આગળ માણસ પણ ન હોય, ફળ કે ફૂલ પણ ન હોય, ત્યાં આગળ ફક્ત ઈશ્વરને માટે ને ઈશ્વરની શ્રદ્ધાએ જ જીવવું એ ઉચ્ચોચ્ચ તપ ને વ્રત છે. હું તો અહીં માણસોની વચ્ચે રહ્યો. પરંતુ એ ખરું કે અહીં મને ઓળખનાર ઓછાં છે, ને કોણ જાણે કેમ, મને કોઈ જાણે કે ઓળખે એ મને રુચતું પણ નથી. છતાં ઈશ્વરની દયા અજબ છે. જ્યારથી આ વ્રતનો આશ્રય લઈ રહ્યો છું ત્યારથી અત્યાર સુધીમાં લગભગ દરરોજ એવા અદ્‌ભુત પ્રસંગ બન્યા છે જેથી એ કૃપાળુ પરમેશ્વરનો પ્રેમ જણાઈ આવ્યો છે. ખરેખર, જો તેની આગળ આપણે બાળક બની જઈએ તો તે આપણને જાળવી જાળવીને એક માતાની જેમ રાખે છે—એટલે કે સમય પર ખવડાવે છે, પિવડાવે છે, પહેરાવે છે. ને તેનો પ્રેમ પાયા કરે છે. અનુભવનો નિષ્કર્ષ પૂ. શ્રીએ અધ્યાત્મ જગતના પ્રવાસીઓને આ પત્રમાં આપ્યો છે. જીવનની કરુણા અને દયા એ છે કે માનવ સર્વસમર્પણ કરી મનુષ્યજીવનની સાર્થકતા પામી શકતો નથી. પૂ. શ્રી જેવા વિરલ, અતિ વિરલ મહાપુરુષને સદ્‌-ગુરુરૂપે પામીને આપણે ધન્ય થયા છીએ. તેમાં લેશમાત્ર અતિશયોક્તિ નથી.

(ક્રમશઃ)

# ખેડૂતને ચહેરે સમૃદ્ધિનું સ્મિત
# એ જ ગુજરાતનું યશદાયી હિત




'ગુજરાત રાજ્ય, અનેક પડકારો વચ્ચે ૨૦મી સદીના છેલ્લા દાયકામાં આયોજિત વિકાસના
લક્ષ્યાંકો પાર પાડવા કટિબદ્ધ બન્યું છે. ગુજરાત સરકારની નીતિ ખેડૂતોને ઉન્નતિના માર્ગે
લઈ જનારી સાચી દિશાની નીતિ છે.
અમે ખેતીવાડી ઉપર નભતી વસતિનું ભારણ ક્રમશઃ ૨૫% સુધી ઘટાડીને,
વિશ્વની આધુનિક કૃષિ ટેકનોલોજીના લાભો ગુજરાતના ખેડૂતોને પ્રાપ્ત થાય તેવી વ્યૂહરચના
અપનાવી છે. તેઓને પરવડે તેવા ભાવો મળે તે માટે બજારતંત્રનું ફલક વિકસાવવાનાં
પગલાં લઈ રહ્યા છીએ.'

— ચીમનભાઈ પટેલ
મુખ્ય મંત્રી, ગુજરાત રાજ્ય

**સિદ્ધિઓની આ છે આછેરી ઝલક :**

- ઇઝરાયલી પદ્ધતિની ટપક સિંચાઈ પદ્ધતિ રાજ્યના ખેડૂતો અપનાવે તે માટે રૂ. ૧૦૦ કરોડની સહાય યોજનામાં ૧,૦૦૦ ગામોના ખેડૂતોને સહકારી ધોરણે આવરી લેવાશે. આ યોજના માટે રાજ્ય સરકાર દ્વારા ૫૦ ટકાની સબસિડી અને સહકારી બેન્કો દ્વારા ૪૦ ટકા ધિરાણ અપાશે. જ્યારે ખેડૂતોનો ફાળો માત્ર ૧૦ ટકા રહેશે.
- રાજ્ય સરકારે ખેડૂત આલમની લાગણીને ધ્યાનમાં રાખી કૃષિ વીજ દરમાં ત્રણ ત્રણ વાર કરેલો ઘટાડો. ૭.૫ હોર્સ પાવર સુધીના વપરાશકારો માટે વાર્ષિક રૂ. ૩૫૦/- પ્રતિ હોર્સ પાવર અને તેથી વધુ માટે વાર્ષિક રૂ. ૬૦૦ પ્રતિ હોર્સ પાવરનો વીજ દર કરાવો.
- ખેડૂતોને અપાતી વીજ સેવાનો પડતર ખર્ચ જ્યારે પ્રતિ યુનિટ ૧૬૨ પૈસાનો આવે છે તેની સામે માત્ર ૩૩ પૈસા વસૂલ કરી ખેડૂતોને યુનિટ દીઠ અપાતી ૧૨૯ પૈસાની રાહત.
- કૃષિ વિષયક વીજ દરમાં ગુજરાત વિદ્યુત બોર્ડ ખેડૂતોને આપેલી રાહત પેટે ૧૯૯૨-૯૩ના વર્ષમાં રૂ. ૬૫૦ કરોડ કરતાં પણ વધુ સબસિડીનો રાજ્ય સરકારે વહન કરેલો ખર્ચ.
- સર્વગ્રાહી પાક વીમા યોજના અંતર્ગત ખેડૂતોને પાક વીમાના પ્રિમિયમમાં અપાતી ૫૦ ટકા સહાય અન્વયે, ૧૯૮૫થી આજ સુધીમાં રાજ્યના ૧૭,૦૨,૨૮૦ જેટલા નાના અને સીમાંત ખેડૂતોને રૂ. ૨૪૮.૨૪ લાખના પ્રિમિયમની રકમનો અપાયેલો લાભ.
- રાજ્યની સ્થાપના સમયે અનાજનું કુલ ઉત્પાદન ૧૮ લાખ મેટ્રિક ટન હતું, તે વધીને ૧૯૯૨-૯૩ સુધીમાં ૫૩.૩૯ લાખ મેટ્રિક ટન સુધી પહોંચ્યું. હેક્ટર દીઠ અનાજ ઉત્પાદન ૪૧૭ કિલોગ્રામ હતું તે વધીને ૧,૨૩૬ કિલોગ્રામ સુધી પહોંચ્યું.
- આદિવાસી ખેડૂતોને ૧૯૯૨-૯૩ના વર્ષમાં બિયારણ અને ખાતર પૂરા પાડવાની યોજના અન્વયે રૂ. ૧૭૩.૪૩ લાખના ખર્ચે ૯૬,૫૦૭ લાભાર્થીઓને ૧,૭૦,૭૪૨ કિટ્સ પૂરા પાડવામાં આવ્યા.







ઉત્તર વૃંદાવનનાં મહાયોગી

# શ્રીકૃષ્ણપ્રેમ

ઝિંઝુવાડિયા કનૈયાલાલ

ઈંગ્લેન્ડના વતની રોનાલ્ડ નિક્સન નામે એક યુરોપિયન જે કેમ્બ્રિજ યુનિવર્સિટીના તેજસ્વી સ્નાતક પ્રોફેસર હતા તેમને ભારતનાં આધ્યાત્મવાદમાં રસ પડતાં તેઓ ભારતમાં આવેલ. તેઓ લખનૌ તથા બનારસની યુનિવર્સિટીઓમાં અંગ્રેજી સાહિત્ય શીખવતા. તેઓ કોઈ સારા આધ્યાત્મ ગુરુની શોધમાં હતા.

તેમના પગલે પગલે તેમનાં કેમ્બ્રિજ કાળના મિત્ર ડૉ. આર એલેકઝાંડર કે જેમણે ડોક્ટરી લાઇનમાં એફ.આર.સી.એસ.ની ઉપાધિ (ડીગ્રી) પ્રાપ્ત કરેલ. તેઓ પણ કોઈ ગુરુની શોધમાં ભારત આવી પહોંચ્યા. લખનૌમાં તેમની ખૂબ જ તેજસ્વી દાક્તરી કારકીર્દિ હતી.

રોનાલ્ડ નિક્સને યશોદામા નામે એક સંન્યાસિની પાસે દીક્ષા લીધી અને સન્યાસ ધારણ કર્યો. હવે તેઓ રોનાલ્ડ નિક્સનમાંથી શ્રીકૃષ્ણપ્રેમ બન્યા. મહર્ષિ શ્રી અરવિંદના શિષ્ય શ્રી દિલીપકુમાર રોય તેમની ખૂબ જ નજીકના સંપર્કમાં આવેલ. શ્રી દિલીપકુમાર રોય તેમની ઉપર ખૂબ જ પ્રેમ રાખતા. તેઓ શ્રીકૃષ્ણપ્રેમનાં 'આધ્યાત્મવાદ' વિષેનાં મંતવ્યો શ્રી અરવિંદને મોકલતા અને તેમનો જે પ્રત્યુત્તર આવતો તે શ્રીકૃષ્ણપ્રેમને પાઠવતા. મોટાભાગે શ્રી અરવિંદના પત્રોમાં, દિલીપકુમાર રોય ઉપર એવી મતલબનું લખાઈને આવતું કે 'તમે લખેલ તમારી મુંઝવણનો ખુલાસો જે

શ્રીકૃષ્ણપ્રેમે આપેલ છે તે બાબત હું પૂરેપૂરો સંમંત છું.' શ્રી દિલીપકુમાર રોયે તેમની સાથે થએલ શ્રીકૃષ્ણપ્રેમના તથા શ્રી-કૃષ્ણપ્રેમ વિષે શ્રી અરવિંદના પત્રો ખૂબ જ માવજતથી સાચવી રાખેલ જેનો લાભ, આજે તેમણે લખેલ પુસ્તક 'ઉત્તર વૃંદાવનના મહાયોગી શ્રીકૃષ્ણપ્રેમ' દ્વારા આધ્યાત્મવાદી વાંચકવર્ગને સારી રીતે મળે છે.

આ સાથે શ્રી રોનાલ્ડ નિક્સને પોતાનાં આધ્યાત્મિક ગુરુ તરીકે જેમની ઉપર પસંદગી ઉતારી તે યશોદામૈયાનું પૂર્વ જીવન જાણવું પણ આવશ્યક છે. તેમના પૂર્વાશ્રમનું નામ મોનિકાદેવી હતું. તેઓ લખનૌ યુનિવર્સિટીના ઉપકુલપતિ શ્રી જ્ઞાનેન્દ્રનાથ ચક્રવર્તીનાં પત્ની હતાં. શ્રી જ્ઞાનેન્દ્રનાથ ચક્રવર્તીનું મકાન ઘણું મોટું રાજમહેલ જેવું હતું. જોડે અતિથિગૃહ પણ હતું. તેમનો સ્વભાવ ખૂબ જ અતિથિપરાયણ હોવાથી અતિથિગૃહ કદી ખાલી રહેતું નહોતું. રોનાલ્ડ નિક્સન તેમની યુનિવર્સિટીનો વિદ્યાર્થીપ્રિય પ્રોફેસર હતો ને એમના ઘરનો જ માણસ બની ગયો હતો, અને તેમની જોડે જ રહેતો હતો. શ્રી જ્ઞાનેન્દ્રનાથનાં પત્ની મોનિકાદેવી એમની મિજલસો માટે પ્રખ્યાત હતાં. ઘણા તો એમને 'મિજ-લસની મહારાણી' કહેતા. સાચે જ બધાંને તે તેવાં જ દેખાતાં હતાં. ઊંચા ખાનદાનની જાજરમાન બાઈ! જાણે મિજલસો અને પાર્ટીઓમાં મહાલવા જ એ જન્મ્યાં હોય! નખશિખ અમીરી!

૧૯૨૩ ના સપ્ટેમ્બર માસમાં લખનૌ યુનિવર્સિટીના ઉપકુલ-પતિ શ્રી જ્ઞાનેન્દ્રનાથ ચક્રવર્તીના નિમંત્રણથી શ્રી દિલીપકુમાર રોય તેમને ત્યાં મહેમાન બન્યા. દશેરાને હજી વાર હતી. મોનિકા-દેવીને શ્રી દિલીપકુમાર રોયનાં ભજનો ગમતાં, તેથી કોઈ કોઈ



વાર તેઓ એકલાં હોય ત્યારે તેમને તેમની આગળ ગાવાનું કહેતાં. તે વખતે એકલા રોનાલ્ડ નિક્સનને જ ત્યાં હાજર રહેવાની છૂટ હતી.

જ્યારે દિલીપકુમાર રોય બંગાળી કીર્તનો અને હિંદી ભજનો ગાતા, ત્યારે તેઓ મોનિકાદેવીમાં અનેરો ઉત્સાહ જોતા, અને તેઓ જ્યારે કૃષ્ણલીલા અને બંસીની મોહિનીનાં ગીત ગાતા ત્યારે તેમની આંખોમાંથી અશ્રુનો પ્રવાહ વહેતો! બીજું તેમણે એ જોયું કે રોનાલ્ડ નિક્સન એમના પ્રત્યે ખૂબ જ ભક્તિભાવ રાખતા હતા, મોનિકાદેવી તેમને ગોપાલ કહી બોલાવતાં, અને તેને દરેક વખતે નિક્સન રીતસર એમના પગમાં લાંબા થઈને પ્રણામ કરતા! બુદ્ધિશાળીઓમાં સિંહ જેવો એ પ્રોફેસર એમની હાજરીમાં એક-દમ ગરીબ ગાય જેવા બની જતા. આથી શ્રીરોય ઉપર ખૂબ જ અસર થઈ. છતાં શ્રી નિક્સને એમને પોતાના ગુરુ તરીકે સ્થાપ્યાં છે એવો તો તેમને તે વખતે અણસાર પણ નહિ આવેલો! તેમને વરસ–દિવસ પછી એ વાતની ખબર પડી!

એક દિવસ ભજન પછી શ્રી રોયે નિક્સનને મોનિકાદેવી વિષે કહ્યું એ બહારથી દેખાય છે તેવાં ખરેખર નથી. એમનું બીજુ જ કોઈ ગૂઢ રહસ્ય છે, જે એકદમ નજરે નથી આવતું, પણ બહારના દેખાવને ભેદીને કોઈ અંદર ડૂબકી મારી શકે તો એને તરત એ દેખાય. મિજલસ મેળાવડાઓમાં હું જોઉં છું તો સૌની આંખો એમના પર હોય છે. મિજલસ જમાવવાની એમનામાં કુદરતી શક્તિ છે. તેઓ હાસ્ય–મજાક કરે છે, અને બુદ્ધિના તણખા વેરતી તડાતડ વાતો કરે છે. હું એ જોઈ ખુશ થાઉં છું, પરંતુ તે પછી હું જ્યારે તેમની આગળ કૃષ્ણલીલાનું ભજન ગાઉં

છું ત્યારે એ એકદમ જ બદલાઇ ગયેલાં લાગે છે! એમની આંખોમાંથી અશ્રુનો પ્રવાહ વહે છે! સાવ બીજું જ સ્વરૂપ! ખરું કહું તો મને "તે વખતે તેઓ જાણે કોઇ બીજી જ દુનિયામાં હોય એવું લાગે છે!"

સ્નેહથી એકદમ શ્રીરોયનો ખભો થાબડી નિક્સને કહ્યું, 'બહારના દેખાવ પરથી માણસની કિંમત નહિ કરવાનું ડહાપણ તારામાં છે એ જોઇ મને આનંદ થાય છે. મોટા મોટા બુદ્ધિશાળી-ઓ પણ એમને કેવળ 'મિજલસની રાણી' તરીકે જ ઓળખે છે, એથી વધારે નહિ! પરંતુ ખરી વાત એ છે કે સહેલાઇથી ઓળખાય કે માપ કઢાય એવી એ વ્યક્તિ નથી! નજરે જોયા વિના ન મનાય એવાં એ છે.' મારી વાત સમજે છે ને?

શ્રી દિલીપકુમાર રોય લખે છે કે:–વરસ દિવસ પછી લખનૌથી મારા પર ધૂર્જટિનો કાગળ આવ્યો કે મોનિકાદેવીએ રોનાલ્ડ નિક્સનને વૈષ્ણવ ધર્મની દીક્ષા આપી છે. નિક્સને એનો અંગ્રેજી પોશાક છોડી ભગવાં ધારણ કર્યાં છે, અને પ્રભાવશાળી ભારતીય સાધુ બની ગયો છે. તેઓ હવે નિક્સનને બદલે કૃષ્ણપ્રેમ બની ગયા છે.

થોડા દિવસ પછી જય ગોપાલનો કાગળ આવ્યો કે મોનિકા-દેવીએ પોતાના ગુરુ વૃંદાવનના એક વૃદ્ધ ગોસ્વામીની આજ્ઞાથી માથું મુંડાવી સંન્યાસ લીધો છે, અને યશોદામા નામ ધારણ કર્યું છે. (પ્રથમ મોનિકાદેવીએ સંન્યાસ લીધો હશે ત્યારબાદ તેમની પાસે નિક્સને સંન્યાસ લીધો હશે) વાંચીને હું સ્તબ્ધ થઇ ગયો! ખરેખર, માન્યામાં ન આવે એવું હતું! એશઆરામના ખોળામાં જન્મેલી અને ઉછરેલી નખશીખ અમીરીવાળી, બબ્બે વરસે



વિલાયતની સફરે જનારી અતિ આધુનિક, "ફેશન–જગતની મહારાણી, અને વળી પ્રેમાળ માતા અને પત્ની. એવી આ બાઇ શું સંન્યાસિની બની ગઇ! કૃષ્ણપ્રેમે કહેલા શબ્દો મને અત્યારે યાદ આવ્યા કે "નજરે જોયા વિના ન મનાય એવાં એ છે." થોડાં વરસ જોયા પછી કૃષ્ણપ્રેમે આલમોડાના એમના આશ્રમમાં મારી આગળ એ રહસ્ય પ્રગટ કર્યું કે યશોદામાને કૃષ્ણ અને બીજા દેવ–દેવીઓનો પ્રત્યક્ષ સંપર્ક હતો અને અંગત અનુભવ પરથી તેઓ તેમની વાત કરી શકતાં હતાં, તેથી મેં એમને મારા ગુરુ કર્યાં હતાં.

(અપૂર્ણ)

## ચૂંટેલાં પુષ્પો

મૂર્તિપૂજા તો માણસની શ્રદ્ધાને એક ચોક્કસ જગ્યાયે રોપીને સ્થિર કરવાનું સબળ સાધન છે. ચિત્તને એક જગ્યાએ આરોપિત કર્યા વિના પ્રભુમાં પરોવાઇ જવાનું ખૂબ અઘરું છે.

* * *

બેકારી જેવી બીજી કોઇ ભૂંડી વસ્તુ નથી. એ માણસને ભરખી ખાય છે. તેનું હીર હણી લે છે, એને નિર્માલ્ય અને નક્કામો બનાવી દે છે. બેકાર માનવી સમાજ અને કુટુંબમાં કોડીની કિંમતનો બની જાય છે, પછી ભલે એ ગમે તેટલો ડાહ્યો, વિવેકી, સમજૂ અને સુજ્ઞ હોય.

# પરમ તીર્થ

કમલ સુથાર

તીર્થ. તીર્થયાત્રા યાત્રા મનુષ્યને નવા–નવા અનુભવ બક્ષે છે. જુદા જુદા પ્રદેશો ત્યાંના લોકો, તેમના રીત–રિવાજો, તેમની રહેણી–કરણી આદિનો પરિચય યાત્રીને થાય છે. નવું જ્ઞાન મળે છે.

તીર્થ. ધાર્મિક તીર્થ. ઐતિહાસિક તીર્થ. આ તીર્થોની યાત્રાથી મનુષ્યનાં મન–હૃદય પવિત્ર બને છે. તીર્થ નદી કિનારે હોય, શાન્ત–એકાન્ત વાતાવરણમાં હોય છે ત્યાં પ્રકૃતિની ગોદ હોય છે. પ્રભુનો વાસ હોય છે. સંતોનો વાસ હોય છે. મનુષ્ય આવા તીર્થોના પવિત્ર વાતાવરણમાં જઇ મનને પ્રભુમય બનાવે છે. સાંસારિક વાતોને ભૂલે છે. આ છે તીર્થલાભ. તીર્થયાત્રાનો હેતુ.

પણ આ બધાય તીર્થોમાં ફરવા છતાંય મનુષ્યના મનનું, વૃત્તિઓનું ઊધર્વીકરણ ન થાય તો તેના આ તીર્થોના ફેરા ફોગટ જાય છે. આખો જન્મારો છળ–કપટ, નિંદા–ટીકા અને અન્યનું બૂરું કરવામાં વિતાવે. નિર્દોષોને સતાવી, પાશવિક–આસુરી આનંદ માણી વ્યર્થ સંતોષ માને અને પછી ચારે ધામનાં તીર્થોની યાત્રા કરે એનાથીએ પવિત્ર બની જાય કે એને સ્વર્ગ મળે એ વાત વ્યર્થ છે. કૂતરાં કે ડુકરાં ગંગામાં ન્હાય, તીર્થોમાં ફરે તેથી તે પવિત્ર બની જતાં નથી. એમની પશુતા છૂટતી નથી. એમનો ઉદ્ધાર થતો નથી. જિંદગીભર કાળાં–ધોળાં કરે અને અંત સમયે કાશીમાં–તીર્થોમાં જઇ કરવત મૂકાવે તેથી ઝેરી પૂતનાઓ અને અધમ કપટી–કૌરવોને કદીય સ્વર્ગ મળતું નથી. પણ આવાં પૂંછડી વગરનાં બે–પગાં નરકમાં પડી સબડે છે.



ઝેરી પૂતનાઓ જિંદગીભર ભગવાનને કરડવા હવાતિયાં મારતી હોય અને તે ખંજરીઓ લઇને નાચતી હોય કે તીર્થોમાં ફરી પગ ઘસી નાખતી હોય તેથી તે સતી સાવિત્રીઓ બની જતી નથી. પણ અંતે મહાકાળનો કોળિયો બની જાય છે. કપટી–કૌરવો નિર્દોષ પાંડવોને જિંદગીભર કપટી કાવત્રાં કરી પજવે અને પછી તે તીર્થોની યાત્રા કરી ધર્માત્મા બનવાનો ડોળ કરે, તેથી તેમને સ્વર્ગનું રાજ્ય મળતું નથી. પણ અંતે તે નરકના કીડા બની જન્મોજનમ સબડે છે.

જીવનને તારે તે તીર્થ. જીવનને ઊર્ધ્વગામી બનવાની દિવ્ય પ્રેરણા આપે તે તીર્થ. મનુષ્ય ઘરને સ્વચ્છ–પવિત્ર રાખે તો એને માટે ઘર એ પણ તીર્થ જ છે. ઘરમાં માતા પિતા સત્ય બોલતાં હોય, ઉદાત્ત જીવન વિતાવતાં હોય, ઘરમાં ભક્તિમય વાતાવરણ હોય તો એ ઘર પણ તીર્થ જ છે. સવારમાં ઊઠી કોઇ ગૃહિણી પીપળે જઇ લોટો પાણી ઢોળી આવતી હોય, થોડીવાર ખંજરી કે મંજીરા લઇ નાચતી હોય અને પછી "નવરી નખ્ખોદ વાળે" તેમ અન્ય નિર્દોષોની, સંતોની કે મહાપુરુષોની નિંદા કરી, તીર્થોમાં ફરે તેથી તે ભક્ત મીરાં કે સતી સીતા બની જતી નથી. પણ તે તાડકા, પૂતના કે ગલબી ઘાટણ જ રહે છે. અને કાળનો કોળિયો બની જાય છે. તેનો કદીય ઉદ્ધાર થતો નથી.

આત્મજ્ઞાની રાજા જનક રાજમહેલમાં રહેવા છતાંય તીર્થમાં રહેતા હતા. એમની રાજસભા એ તીર્થભૂમિ હતી. કેમકે ત્યાં આત્મજ્ઞાનીઓ, મહાત્માઓનો સત્સંગ થતો, તેમની ઉપસ્થિતિ

રહેતી. એટલે ત્યાંનું વાતાવરણ દિવ્ય–પવિત્ર પરમાણુંઓથી સભર રહેતું. ત્યાં વિવેક જાગૃત હતો. પરમ વિવેક જાગૃત હતો. આત્મચેતના જાગૃત હતી. જેથી તે ભૂમિ એ તીર્થભૂમિ હતી.ત્યાં જે પદાર્પણ કરતું તેનું જીવન પવિત્ર બનતું. ઊર્ધ્વગામી બનતું.

જ્યારે કપટી દુર્યોધનનો દરબાર એ તીર્થભૂમિ નહીં પણ કપટીઓની 'કપટસ્થલી' હતો. ત્યાં કપટી કૌરવો અને ઝેરી પૂતનાઓનો ઉત્પાત થતો હતો.

જે ભૂમિનું વાતાવરણ મનને પવિત્ર કરે, વિચારોને ઊર્ધ્વ-ગામી બનાવે તે તીર્થભૂમિ. જ્યાં આત્મજ્ઞાની મહાપુરુષો વસતા હોય છે તે ભૂમિ પરમતીર્થ છે. એટલે જ તો પરમ વિવેકી પ્રબુદ્ધો, ગુરુચરણને પરમ તીર્થ માને છે; કેમકે ગુરુ સ્વયં પરમાત્મા સ્વરૂપ છે. તેમનું સમગ્ર અસ્તિત્વ પરમ શક્તિ સભર ને દિવ્ય હોય છે. એમના ચરણાંગુષ્ઠમાંથી દિવ્ય ચેતનાનાં સ્પંદનો વહે છે. તેથી તેમના ચરણસ્પર્શથી મનુષ્યનું જીવન પવિત્ર બને છે. દિવ્ય બને છે. એટલે જ ગુરુચરણ એ પરમતીર્થ છે; ગુરુ-ભાવ એ પરમ તીર્થ છે.

ગુરુભાવ પરમ તીર્થ અન્ય તીર્થ નિર્થકમ્।
સર્વ તીર્થાશ્રયં દેવી પાદાંગુષ્ઠાં ચ વર્તતે॥ગુરુગીતા॥

શાસ્ત્રોમાં પણ તીર્થ વિષે કહેવાયું છે કે :

સત્યં તીર્થં ક્ષમાતીર્થં તીર્થમ્ ઈન્દ્રિય નિગ્રહઃ
સર્વ ભૂત દયા તીર્થં સર્વત્રાર્જવમેવ ચ.
દાનં તીર્થં દમઃ તીર્થં સંતોષઃ તીર્થ મુચ્યતે
બ્રહ્મચર્યઃ પરમ તીર્થં તીર્થં ચ પ્રિયવાદિતા.



જ્ઞાનં તીર્થં ધૃતિઃ તીર્થં પુણ્યતીર્થં ઉદાહૃતમ્
તીર્થાનાં અપિ તત્ તીર્થં વિશુદ્ધિઃ મનસઃ પરા.

આ બધાંય તીર્થોથી મન પવિત્ર–વિશુદ્ધ બને છે. પરમ તીર્થ-માં સ્નાન કરી જીવનને દિવ્ય ને પવિત્ર બનાવવું એ બુદ્ધિમાન મનુષ્યનું લક્ષણ છે.

## ચૂંટેલાં પુષ્પો

મૃત્યુ એ કંઈ આપત્તિ નથી, પણ પિંજરની કેદમાંથી છૂટીને આત્મા મુક્ત થાય છે તેની એ કેવળ જાહેરાત છે.

* * *

શેઠ ભીખ આપે છે ભિખારીને દૂર કરવા માટે, શ્રીમંતો દાન આપે છે કરવેરામાંથી મુક્તિ મેળવવા માટે, ડોશીમા ધર્માદો આપે છે ભગવાનની પૂજા કરવા માટે.

* * *

પુણ્યનો હિસાબ રૂપિયા પૈસામાં થતો નથી. કેટલું આપ્યું એ નહીં પણ શા માટે આપ્યું, કઈ રીતે આપ્યું, કયા હેતુથી આપ્યું એ પ્રશ્ન પૂછવાનો છે. દાન આપતી વખતે હાથમાં શું હતું એ નહિ પણ દિલમાં શું હતું એ જોવાનું છે. માણસોની નજર ચેકમાં લખેલી રકમ ઉપર જાય છે, પણ અંતર્યામી ભગવાન તો હૃદયના ભાવો તપાસે છે. દેખીતા પવિત્ર અથવા પરોપકારની પાછળ પણ કીર્તિ, અભિમાન, દંભ છૂપાયેલો જ હોય છે.

# રામકથા

યોગેશ્વરજી

( ગતાંકથી ચાલુ)

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

રામે કહ્યું : 'આ કેયૂર તથા કુંડળ પણ સીતાનાં જ છે. મારું મન અને સીતાના સુધામય મુખને નિહાળવા અને એનું પાન કરવા રોજરોજ ટેવાયેલી મારી આંખ એની સાક્ષી પૂરે છે. આ કુંડળ એને માતા કૈકેયીએ અયોધ્યામાં આવ્યા પછી ઉપહારરૂપે આપેલાં એ વાતની મને સ્મૃતિ છે. એ વખતે કૈકેયીએ એના પ્રત્યે કેટલો બધો પ્રેમ બતાવેલો? કુંડળ અર્પણ કરતાં સીતાને અંતરના આશીર્વાદ આપતાં એણે કહેલું કે, રાજા દશરથ દ્વારા રામનો જ્યારે રાજ્યાભિષેક કરવામાં આવે ત્યારે આ રત્નજડિત કુંડળ પહેરીને તું એમની સાથે સિંહાસન પર બેસજે. તને એ વખતે જોઇને મારું અંતર આનંદમય બની જશે. એ વચનો આજે મને યાદ આવે છે. વિધિની વિચિત્રતા તો જો કે રાજ્યાભિષેક રાજ્યાભિષેકને ઠેકાણે રહ્યો તે તો ઠીક, પરંતુ કુંડળને તૈયાર કરાવનાર, કુંડળને પહેરનાર, ઓળખનાર, અને સૂર્યના જેવી કાંતિવાળાં રત્નજડિત કુંડળ, સૌ છૂટાં પડી ગયાં! વિધિના ખેલ આવા જ અસ્થિર છે. આ કુંડળ તો મેં મારે હાથે જ સીતાને પહેરાવેલાં એટલે એમની સ્મૃતિ મને કેમ ન હોય?

લક્ષ્મણ બોલ્યો : 'હવે મને તમારા શબ્દોની યથાર્થતાની પ્રતીતિ થઇ. આપણે મિથિલાપુરીથી લગ્ન કરીને અયોધ્યા આવ્યા, ત્યારે કૈકેયીએ સીતાની પેઠે ઊર્મિલા, શ્રુતકીર્તિ અને માંડવીને પણ કુંડળ પ્રદાન કરેલાં. ઊર્મિલા એ કુંડળને લીધે અતિશય લાવણ્યમયી લાગતી. એની શોભાને જોતાં મારું મન ધરાતું જ નહિ. નેત્રોને કદી થાક નહીં લાગતો, ને વાણી એની પ્રશંસા કરતાં તૃપ્તિ નહોતી પામતી. ચિત્રકૂટમાં મળી ત્યારે એણે બધાં આભૂષણો ઉતારી નાખેલાં એટલે એનાં કુંડળ મેં નહોતાં જોયાં. હવે આ



કુંડળ જોઇને એની કુંડળાલંકૃત આકૃતિનું મને સ્મરણ થઇ આવે છે. વિધિએ આપણે માટે પોતાનાં સુમધુર, સુખદ સ્મરણો સાચવી રાખ્યાં છે એ પણ એની કૃપા છે.'

રામ થોડા વખત સુધી આભૂષણોને જોતા ભાવનિમગ્ન દશામાં બેસી રહ્યા. લક્ષ્મણ પણ અતીત કાળની સ્મૃતિઓનો સ્વાદ લેતો શાંત રહ્યો. એ જ વખતે સુગ્રીવે રામની આગળ એક સુંદર, રંગીન રેશમી વસ્ત્ર મૂક્યું.

એ નિરખતાં વેંત જ રામ બોલી ઊઠયા : 'લક્ષ્મણ, સીતાના આ વસ્ત્રને તો તું ઓળખતો જ હોઇશ. આ વસ્ત્ર સીતાનું જ છે. પોતાની સુંદર સાડી પર ઓઢવાના ઉપવસ્ત્ર તરીકે એ એ કદી કદી આનો ઉપયોગ કરતી. આ ગુલાબી ઉપવસ્ત્ર એની સુંદરતામાં ખૂબ જ વધારો કરતું. મને એ ખૂબ જ ગમતું હોવાથી વનમાં પણ એને એ સાથે જ લાવેલી. તે દિવસે પંચવટીની વિદાય લઇને હું સુવર્ણમૃગને મારવા માટે ધનુષ્યબાણ લઇને વનમાં ગયો, ત્યારે એણે આજ ઉપવસ્ત્ર ધારણ કરેલું. એ હકીકત હું નથી ભૂલી શક્યો. આ સુંદર ઉપવસ્ત્રને દેખીને એની સાથે સંકળાયેલા અનેકવિધ પ્રસંગોનું મને સ્મરણ થઇ આવે છે.'

રામ એ સુંદર રંગીન ઉપવસ્ત્રને હૃદયે લગાવીને કહેવા માંડયા : 'અરે વસ્ત્ર, તને પોતાના સુમન સમાન સુકોમળ, સુવાસિત શરીરે વીંટીને પોતાની સુંદરતામાં વૃદ્ધિ કરનારી સીતા ક્યાં ચાલી ગઇ? તું એના સમાચાર આપી શકશે? તું તો એને ખૂબ જ પ્રિય હતું, તો પછી એણે તારો ત્યાગ શા માટે કર્યો? તને એનાથી છૂટા પડવાનું નહિ ગમ્યું હોય, પરંતુ એ તને નીચે નાખીને જતી રહી પછી તું શું કરે? મારી જેમ તારો પુણ્યોદય પણ પૂરો થયો, એટલે મારી પેઠે તને પણ એનો વિયોગ થઇ ગયો! હવે પાછી એ ક્યારે મળશે ને તને શરીર પર ક્યારે ધારણ કરશે? છતાં પણ તું મને મળી ગયું તે એક રીતે સારું જ થયું. તારો ઉપકાર મારાથી નહિ ભૂલી શકાય, કારણ કે સીતાના સમાચાર મેળવવામાં તું મદદરૂપ થઇ પડયું. તને જોઇને મને સહેજ સાંત્વન મળે છે કે, એ સુકુમારીનો વિયોગ કેવળ હું જ નથી વેઠી રહ્યો, તું પણ વઠી રહ્યું છે!'

એવા ભાતભાતના વિલાપ કરતાં રામની આંખ પ્રેમાશ્રુથી ભરાઇ ગઇ. લક્ષ્મણ તથા સુગ્રીવે એમને પોતપોતાની આગવી રીતે આશ્વાસન આપવાનો પ્રયાસ કરી જોયો.

લાંબે વખતે રામ જરાક સ્વસ્થ થયા એટલે સુગ્રીવે કહ્યું : 'આ આભૂષણ અને વસ્ત્રને તમે ઓળખી કાઢ્યાં એના પરથી એટલું તો ચોક્કસ થયું કે, એ અસહાયની પેઠે પોકાર પાડતી ને રુદન કરતી સ્ત્રી બીજી કોઇ નહિ પરંતુ સીતા જ હતી. રાવણ એને હરીને દક્ષિણ દિશામાં લઇ ગયો છે. છતાં પણ, દક્ષિણ દિશામાં લઇ જવાને બદલે પોતાનો માર્ગ બદલીને એને એ ગમે તે દિશામાં લઇ ગયો હશે તોપણ, તમારા મિત્ર તરીકે હનુમાન તથા બીજા મંત્રી અથવા સેવકોના સાંભળતાં વચન આપું છું કે, સીતાની શોધ કરવામાં તમને બનતી બધી રીતે મદદરૂપ થઇશ. મિત્રના સુખને પોતાનું સુખ અને મિત્રના દુઃખને જે પોતાનું દુઃખ નથી માનતો તે મિત્ર થવાને લાયક જ નથી. મિત્રની કસોટી સંપત્તિના સમય કરતાં વિપત્તિના વખતમાં વધારે થાય છે. તમારી કૃપાથી હું એમાંથી પાર ઊતરીશ. તમારી વિપત્તિ મારી વિપત્તિ ને તમારી વેદના મારી વેદના છે એ નક્કી માનજો.'

સુગ્રીવના શબ્દોમાં હનુમાને સૂર મિલાવ્યો, એટલે લક્ષ્મણે પ્રસન્ન થઇને કહ્યું : 'સંસારમાં બીજું બધું કદાચ મળી શકે, પરંતુ તમારા જેવા આદર્શ મિત્રો મળવા મુશ્કેલ છે. તમારી મિત્રતા મળી એને અમારું સૌભાગ્ય માનું છું. સાચા મિત્રો મળવા મુશ્કેલ છે, અને એમની મિત્રતા નિભાવવી એથી પણ મુશ્કેલ છે.'

'તમારી કૃપાથી એ મિત્રતા નિભાવી શકીશ. મારા દોષને બદલે ગુણ તરફ જ ધ્યાન રાખજો એટલી મારી વિનતિ છે. સ્વભાવથી જ મંદમતિ છું પરંતુ તમારા પર પ્રેમ થયા પછી તમારે માટે ગમે તેવો ભોગ આપતાં પાછી નહિ પડું.

## પ્રતીતિ

સુગ્રીવનાં વચનો સાંભળીને રામને ખૂબ જ સંતોષ થયો.

એમણે સુગ્રીવને સંબોધીને કહ્યું : 'સીતાનાં આભૂષણ તથા વસ્ત્રને



તમારી પાસે જ સાચવીને રાખી મૂકજો. કોઇવાર એમનું કામ પડશે ત્યારે એમને તમારી પાસેથી માગી લઇશ. અત્યારે એમની આવશ્યકતા નથી લાગતી. તમારા પ્રેમ તથા મિત્રભાવને જોઇને મારા અંતરમાં આનંદ છવાયો છે, અને મને ખાતરી થઇ છે કે સીતાની શોધ કરવાના કપરા કામમાં હું લક્ષ્મણ સાથે એકલો નથી. તમારો અને હનુમાન જેવા બુદ્ધિશાળી મહાવીરનો મને સાથ છે એ જોઇને મારો ઉત્સાહ વધી ગયો છે. મારી ધીરજ ને હિંમત દ્વિગુણિત બની છે. ઋષ્યમૂક પર્વતનો મારો ફેરો સફળ થયો.'

સુગ્રીવે કહ્યું : 'તમારો અભિપ્રાય જાણીને મને ખૂબ જ આનંદ થઇ રહ્યો છે. મારામાં કોઇપણ પ્રકારની યોગ્યતા ન હોવા છતાં તમે મારા પ્રત્યે પ્રેમ બતાવો છો તે તમારી મહાનતા જ છે.'

'પ્રથમ પરિચયે જ આપણાં અંતર અનુરાગમય અને એક બન્યાં, અને મારી ચિંતામાં ઘટાડો થયો. સ્નેહ અને સદ્‌ભાવના આ સુંદર બીજમાંથી આગળ જતાં કેવા કેવા અંકુરો ઊગશે ને કેવા છોડ તથા વૃક્ષ ને ફળફૂલની સૃષ્ટિ થશે તે કોણ કહી શકે? તમારા પ્રેમ તથા મૈત્રીભાવને માટે તમને ધન્યવાદ આપું છું. મારો સ્વભાવ છે કે કરેલી મિત્રતાને નિભાવવી. મિત્રના દોષ જોવાની ટેવ મેં નથી પાડી અને દોષનું દર્શન કરીને એની અવગણના કરવાનું પણ હું નથી શીખ્યો. દોષ દેખાય તો પણ તેને સુધારવામાં સહાયક બનવાની જ મારી વૃત્તિ હોય છે. એટલે મારી મિત્રતાની અખંડિતતાની પણ ખાતરી રાખજો.'

લક્ષ્મણે રામના કાનમાં કાંઇક કહ્યું એટલે રામે સુગ્રીવને પૂછ્યું : 'કિષ્કિંધા જેવા સુંદર સમૃદ્ધિશાળી શહેરને છોડીને આ પર્વત પર તમે ગણ્યાગાંઠ્યા મંત્રીઓ સાથે એકલા જ વાસ કરો છો તેનું કારણ? તમને એકાંતમાં રહેવું ગમે છે? કે પછી કોઇક અણધાર્યા અનિવાર્ય સંજોગોને લીધે તમારે માટે અહીં રહેવાની ફરજ પડી છે? તમે મારા મિત્ર થયા એટલે મારી કથની મેં કહી બતાવી તેમ તમારી કથની સાંભળવાની પણ મારી ફરજ છે.'

સુગ્રીવે લાગણીવશ થઇને ઉત્તર આપતાં કહ્યું : 'શહેર, ઘરબહાર, સંપત્તિ તથા સ્વજનને છોડીને એકલું રહેવાનું કોઇને ગમે ખરું? મારી સ્વેચ્છાથી નહિ પરંતુ પરિસ્થિતિથી વિવશ બનીને મારે એ પર્વત પર એકલા રહેવું પડે છે.'

'તમારા જીવનમાં એવી કેવીક પરિસ્થિતિ પેદા થઇ છે?'

'તમારા જેવા જ દુઃખથી હું દુઃખી છું. વિધાતાએ આપણા બંને મિત્રો પર એક જ જાતનું દુઃખ નાંખ્યું છે.'

'એટલે?'

'એટલે શું તે ન સમજાયું? તમે રાજ્યશ્રીથી રહિત છો ને સ્રીના વિયોગથી વ્યથિત છો તેમ હું પણ છું. કિષ્કિંધા પર મારું રાજ્ય હતું, એનો સમસ્ત વૈભવ મારાં ચરણોમાં ઢળેલો હતો, પરંતુ મારા મોટા ભાઇ વાલીએ મારા રાજ્યને બળજબરી લઇ લીધું ને મને વૈભવથી વિહીન કરીને મારો નાશ કરવાનો પ્રયત્ન કર્યો. વાલી ઘણો પરાક્રમી હોવાથી મારે એનાથી અહર્નિશ ભયભીત રહેવું પડે છે. એણે મારું રાજ્ય તો લઇ લીધું છે પરંતુ મારી સ્રી તારાને પણ કબજે કરી છે.'

'એ તો ઘણું જ ખરાબ કહેવાય. નિર્દોષ સ્રીનું હરણ કરવા જેવું કુકર્મ બીજું કોઇ જ નથી એ વાતની ખાતરી મને સીતાના હરણ પછી વધારે સારી રીતે થઇ ગઇ છે. મોટો ભાઇ નાના ભાઇની સ્રીનું હરણ કરે કે એના પર કબજો કરે એ તો અતિશય અધમ કહેવાય. આ હકીકત સાંભળીને મને ખૂબ જ દુઃખ થાય છે. મારી વેદનાને શબ્દોમાં નથી વર્ણવી શકતો. પરંતુ વાલીનો તમને ભય છે તો વાલી આ પર્વત પર નથી આવતો?'

'મતંગ મુનિના શાપને લીધે એ આ પર્વત પર નથી આવી શકતો. એટલા માટે જ હું કાંઇક અંશે નિર્ભય થઇને અહીં નિવાસ કરું છું. બાકી તો મારે રહેવા માટેનું સલામત સ્થાન કોઇયે ન રહેવાથી એણે મારો સહેલાઇથી નાશ કરી નાખ્યો હોત.'

રામ વિચારમાં પડી ગયા. (ક્રમશઃ)

## * ધ્યાન ક્યારે લાગે? *

ધ્યાનની અવસ્થામાં મન પૂરેપૂરું જોડાય, રસ લેતું થાય ને, એકરસ બનીને વહેવા માંડે તે માટે મનનું સ્વરૂપ પલટાય તે જરૂરી છે. મન જેવું છે તેવું, પોતાની પારાવાર અશુદ્ધિ ને ચંચળતા સાથે, ધ્યાનમાં સફળતાપૂર્વક નહિ જ લાગી શકે. તેના સ્વરૂપમાં સુધારા કરવાની ને તેને વધારે ને વધારે સાત્ત્વિક, સદ્દગુણ, સદ્દવિચાર ને સદ્દભાવનાથી સંપન્ન કરવાની તેમ જ સંયમી બનાવવાની જરૂર છે. તેની સાથેસાથે તેને પરમાત્માની પ્રાપ્તિ માટે તૈયાર કરવાની, તેવી પ્રાપ્તિ જરૂરી ને ઉપયોગી છે એમ જણાવવાની, તે માટેની લગન લગાડવાની ને પરમાત્માના પ્રેમરસથી તેને રંગી દેવાની જરૂર છે. હિમાલયના પ્રદેશમાં ગંગાકિનારે રહેતાં ભાવિક સ્રીપુરુષો સાંજે ગંગામાં દીવા મૂકે છે. તેમાંના લગભગ બધા જ દીવા ક્ષણજીવી નીવડે છે. પોતાની સફર શરૂ કરીને આગળ વધે તે પહેલાં જ તે ગંગાના પ્રચંડ પ્રવાહમાં ઊંધા વળે છે. મોટા ભાગના સાધકોનું પણ તેમ જ સમજવાનું છે. મનોબળનું મજબૂત ભાથું ન હોવાને લીધે તે ધ્યાનમાં એકાગ્રતાનો આનંદ નથી મેળવી શકતા, અંતરના અનંદ ઊંડાણમાં પણ સફળતાપૂર્વક નથી પ્રવેશી શકતા, ને સપાટીની ઉપર ઉપર જ તર્યા કે રમ્યા કરે છે. તે પરિસ્થિતિનો અંત આવે ને અંતરમાં ડુબકી મારવાનું મનને માટે સહજ બને ત્યારે જ ધ્યાનનો સાચો આનંદ મળી શકે. તેમાં મદદ મળે તે માટે મનના સ્વરૂપને સુધારી તેનાં પરમાણુંને વધારે ને વધારે પવિત્ર, પ્રેમળ ને પ્રભુમય કરવાની જરૂર છે.

યોગેશ્વરજી

Regd. No. GBV 113

## * ધ્યાનમાં બેસવાની રીત *

ધ્યાનમાં કેવી રીતે બેસાય એ બીજો પ્રશ્ન છે. એની ઉપયોગિતા ઘણી છે, ને તે વિશે આ ઉપનિષદના બીજા અધ્યાયમાં થોડોઘણો ખુલાસો કરવામાં આવ્યો છે. ગીતાના છઠ્ઠા અધ્યાયમાં પણ ધ્યાનનો વિસ્તારથી વિચાર કરવામાં આવ્યો છે ત્યાં, તેના પર પ્રકાશ ફેંકાયો છે. ધ્યાનમાં બેસનારા સાધકે છાતી, ગરદન ને મસ્તકને ટટ્ટાર રાખીને બેસવું એવી સૂચના કરવાનું મુખ્ય કારણ એ છે કે શરીર અક્કડ રહેવાથી આળસ ન થાય, બીજે ક્યાંય જલદી ધ્યાન ન જાય, ને ઊંઘના શિકાર ન થવાય. યોગની સાધનામાં આસનની વિધિ આવી જ બતાવી છે. તેથી કરોડરજ્જુ ટટ્ટાર રહે છે ને માનસિક એકાગ્રતામાં મદદ મળે છે. એવી રીતે આસનમાં લાંબા વખત લગી બેસવાની ટેવ પાડવી જોઈએ. એવી રીતે આસનમાં બેસીને મનને પોતાની અંદર એકાગ્ર કે શાંત કરવાનો પ્રયાસ કરવાની સાધના શરૂ કરવી. એવી સાધના માટે વચગાળાના સાધન તરીકે જરૂર લાગે તો પરમાત્માના કે બીજા કોઈ બાહ્ય પ્રતીકનો અથવા પોતાના શરીરના જ કોઈ અંગનો આધાર લેવો ને મનને તેની અંદર સ્થિર કરવા માટે મહેનત કરવી.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ–પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧.
રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર–૧